dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-352 | AD - 2026, Bhadarva Vad-03 | Tuesday, Dt. 29-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પથ્થરમારા બાદ પોલીસે ટીયર ગેસ છોડ્યા, ૧૦ લોકો સામે FIR

## શાહી મસ્જિદનો ભાગ હટાવવાના મુદ્દે ઉજ્જૈનમાં ભારે તણાવ

ઉજ્જૈન, તા.૨૮

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં શાહી મસ્જિદના એક ભાગને રસ્તો પહોળો કરવાની કામગીરી હેઠળ હટાવવાના વિરોધમાં સોમવારે તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન પોલીસ પર પથ્થરમારો કરવાનો પ્રયાસ થતાં પોલીસે ટીયર ગેસના શેલ છોડીને ભીડને વિખેરી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તાજા અહેવાલો મુજબ, રેપિડ એક્શન ફોર્સના જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે. રસ્તા પહોળો કરવાની કામગીરી સિંહસ્થ કુંભ મેળા-૨૦૨૮ની તૈયારીઓના ભાગરૂપે હાથ ધરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ ઉજ્જૈનમાં ખજુરવાળી મસ્જિદથી ગણેશ ચોક સુધીના આશરે ૭૩૦ મીટર લાંબા માર્ગને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. માર્ગને ૧૫ મીટર પહોળો કરવાની યોજના છે અને આ માટે આશરે રૂ. ૯.૮૦ કરોડનો ખર્ચ થવાનો છે. આ કામગીરીથી ધાર્મિક સ્થળો સહિત કુલ ૨૭૨ બાંધકામો પ્રભાવિત થવાની માહિતી સામે આવી છે.

શાહી મસ્જિદના જે ભાગને રસ્તાના પ્રસ્તાવિત એલાઈનમેન્ટમાં આવતો હોવાનું જણાવાયું છે, તેને હટાવવાની કામગીરીનો સ્થાનિક લોકોના એક વર્ગ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. રવિવારની રાતથી જ કેટલાક લોકો મસ્જિદ પરિસરમાં એકત્ર થયા હતા. સોમવારે સવારે પરિસ્થિતિ વધુ તંગ બનતાં પોલીસ અને વિરોધ કરી રહેલા લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું.



પોલીસના જણાવ્યા મુજબ, ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્રે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મસ્જિદની આસપાસના વિસ્તારમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. અહેવાલો મુજબ, મસ્જિદની આસપાસ આશરે ૫૦૦ મીટરના વિસ્તારમાં બેરિકેડિંગ કરવામાં આવ્યું છે અને અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. ૨,૦૦૦થી વધુ પોલીસકર્મીઓની તૈનાતી અંગે પણ અહેવાલો સામે આવ્યા છે. કેટલાક લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ જણાવાયું છે.

વિરોધ દરમિયાન મહિલાઓ પણ મોટી સંખ્યામાં રસ્તા પર એકત્ર થઈ હતી. તેમના કારણે કેટલાક વિસ્તારોમાં વાહનવ્યવહારને અસર થઈ હતી. પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે વહીવટીતંત્ર દ્વારા અફવાઓ ફેલાય નહીં અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તકેદારી વધારવામાં આવી છે.

દરમિયાન, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રવિવારે ઉજ્જૈનમાં પોતાના પૂર્વજોના મકાનના રસ્તાના પ્રસ્તાવિત એલાઈનમેન્ટમાં આવતા ભાગને હટાવવાની કામગીરીમાં પ્રતીકાત્મક રીતે ભાગ લીધો હતો. તેમનું મકાન પણ ૭૩૦ મીટરના માર્ગ પહોળો કરવાની યોજનાથી પ્રભાવિત થનાર બાંધકામોમાં સામેલ છે. વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, સિંહસ્થ કુંભ મેળા દરમિયાન શહેરમાં વધનારા યાત્રાળુઓ અને વાહનોના પ્રવાહને ધ્યાનમાં રાખીને માર્ગ પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ, શાહી મસ્જિદના ભાગને હટાવવાના મુદ્દે કાયદાકીય અને સામાજિક સ્તરે પણ ચર્ચા ચાલી રહી છે. સમગ્ર મામલે હાલ તણાવ વચ્ચે પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

## અફઘાનિસ્તાન સુધી ભારત માટે નવો રેલવે માર્ગ, ૭૩૦ કિમી ચાબહાર-ઝાહેદાન લિંક પૂર્ણ

નવી દિલ્હી, તા.૨૮

ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે નવો રેલવે માર્ગ મળવાનો માર્ગ મોકળો થયો છે. ઈરાને ૭૩૦ કિલોમીટર લાંબી ચાબહાર-ઝાહેદાન રેલવે લાઈનનું કામ પૂર્ણ થયાની જાહેરાત કરી છે. આગામી ત્રણથી ચાર મહિનામાં જરૂરી સલામતી તપાસ અને મંજૂરીઓ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર ટ્રેનો શરૂ થવાની શક્યતા છે. ચાબહાર-ઝાહેદાન રેલવે લાઈન ઈરાનના ઓમાનના અખાત પર આવેલા ચાબહાર બંદરને દક્ષિણ-પૂર્વીય શહેર ઝાહેદાન સાથે જોડે છે. ઝાહેદાન અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદ નજીક આવેલું હોવાથી ભારત માટે આ માર્ગ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ રૂટથી અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને આગળ રશિયા સુધી માલસામાન પહોંચાડવા માટે પાકિસ્તાન પરની નિર્ભરતા ઘટાડી શકાય છે. આ પ્રોજેક્ટમાં શરૂઆતમાં ભારત પણ સામેલ હતું અને મે ૨૦૧૬માં ઈરાન સાથે એમઓયુ કરવામાં આવ્યું હતું. જોકે, ભારતે પોતાનું રોકાણ ચાબહાર બંદર સુધી મર્યાદિત રાખ્યું હતું. ૭ મે, ૨૦૨૦ના રોજ ઈરાને રેલવે લાઈન પર ટ્રેક નાખવાનું કામ શરૂ કર્યું હતું. ચાબહાર બંદર ભારત માટે અફઘાનિસ્તાન સુધીનો દરિયાઈ પ્રવેશદ્વાર છે, જ્યારે ઝાહેદાન અફઘાનિસ્તાન તરફ રેલવે માર્ગે આગળ વધવા માટે મહત્વપૂર્ણ જોડાણ બની શકે છે.






## અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદે ફરી તણાવ, ૨૮ પાક.લડવૈયા ઠાર

**નૂરીસ્તાનમાં સરહદ પારથી ઘૂસણખોરીનો અફઘાનિસ્તાનનો આરોપ**

કાબુલ,તા.૨૮

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનો સરહદી વિવાદ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, પૂર્વી પ્રાંત નૂરીસ્તાનના કામદેશ જિલ્લામાં પાકિસ્તાન તરફથી સરહદ પાર કરીને આવેલા ૨૮ લડવૈયાઓને અફઘાન દળોએ ઠાર કર્યા છે, જ્યારે અન્ય ૩૨ લડવૈયાઓની ધરપકડ કરવામાં આવી છે. કાબુલે આરોપ લગાવ્યો છે કે, આ લડવૈયાઓને પાકિસ્તાની મિલિશિયાનું સમર્થન મળ્યું હતું.

અફઘાન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, લડવૈયાઓનું એક જૂથ શનિવારે પાકિસ્તાનની સરહદ પરથી હુમલાના ઈરાદે નૂરીસ્તાનમાં ઘૂસ્યું હતું. અફઘાન દળોએ કાર્યવાહી હાથ ધરતા



૨૮ ઘૂસણખોરો માર્યા ગયા હતા, જ્યારે અન્ય લડવૈયાઓ પાકિસ્તાની ચોકીઓ તરફ ભાગી ગયા હતા. કાબુલે એવો પણ આક્ષેપ કર્યો છે કે, પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ લડવૈયાઓ સાથે જોડાયેલા હતા. જોકે, અથડામણ શરૂ થતાં તેઓ પાછળ હટી ગયા હતા.

અફઘાનિસ્તાનના આ આરોપોને પાકિસ્તાને સદંતર ફગાવી દીધા છે. પાકિસ્તાનના માહિતી મંત્રાલયે અફઘાન સરકારના દાવાઓને પાયાવિહોણા અને સત્યથી વેગળા ગણાવ્યા છે. પાકિસ્તાને પોતાની ગુપ્તચર એજન્સીઓ અથવા સુરક્ષા દળોની કોઈપણ પ્રકારની સંડોવણી હોવાનો પણ ઈનકાર કર્યો છે.

આ ઘટનાને પગલે બંને દેશો વચ્ચેના સરહદી તણાવમાં વધુ વધારો થયો છે. જોકે, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા દાવાઓ અંગે સ્વતંત્ર રીતે પુષ્ટિ થયેલી વિગતો મર્યાદિત છે.













# અમરેલી-કુંકાવાવ પંથકમાં કૌશિક વેકરીયાના હસ્તે વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકામોને વેગ આપવાના ભાગરૂપે રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કેરિયાચાડ અને કુંકાવાવ તાલુકાના સારંગપુર મુકામે વિવિધ જનસુખાકારીના વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, પ્રત્યેક નાગરિકને પાયાની સુવિધાઓ મળી રહે તે માટે સરકાર કટિબધ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના સામાન્ય લાભાર્થી સુધી પારદર્શક રીતે પહોંચાડવાની નેમ સાકાર થઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી





વિકાસને વધુ ગતિ આપવાનો સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.વિકાસકામોની શ્રૃંખલા અંતર્ગત કુંકાવાવ તાલુકાના સારંગપુર મુકામે ગ્રામજનોની વર્ષો જૂની માંગણી પૂર્ણ કરવામાં આવી હતી. અહીં રૂ. ૧૦ લાખના ખર્ચે નવનિર્મિત સી.સી. બ્લોક રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પાકા બ્લોક રોડના નિર્માણથી સ્થાનિક નાગરિકો, વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવરમાં સરળતા રહેશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન રસ્તા પર કાદવ અને પાણી ભરાવાની સમસ્યામાંથી લોકોને રાહત મળશે અને આવન-જાવનની સુવિધામાં વધારો થશે.આ ઉપરાંત રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કેરિયાચાડ મુકામે ગ્રામ્ય વિસ્તારને જોડતા આધુનિક સુવિધાપથનું પણ વિધિવત લોકાર્પણ કર્યું હતું. સુવિધાપથના નિર્માણથી સ્થાનિક પરિવહન વધુ સરળ અને ઝડપી બનશે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારના લોકોની અવરજવર સાથે સ્થાનિક વેપાર અને અન્ય પ્રવૃત્તિઓને પણ સુવિધા મળી રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયતના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સરપંચો, પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગામના વડીલો અને યુવાનો સાથે જીવંત સંવાદ સાધી ગ્રામ્ય સ્તરે ચાલી રહેલા વિકાસકામો તેમજ સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ગ્રામજનોએ વિવિધ વિકાસલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારાસભ્ય જે.વી.કાકડીયાની હાજરીમાં ચલાલામાં રૂ.૭૦ લાખના વિકાસકામોનું કરાયું ખાતમુહૂર્ત

ચલાલા તા.૨૮

ચલાલા શહેરના સર્વાંગી વિકાસ માટે નગરપાલિકા દ્વારા મંજૂર થયેલા રૂ.૪ કરોડના વિકાસકાર્યો પૈકી રૂ.૭૦ લાખના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કારધામના રતિદાદા, ભીમનાથ મહાદેવ મંદિરના મયુરબાપુ ગોસાઈ, રાજુદાદા જાની, અમરેલી જિલ્લા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : પ્રકાશ કારીયા

વોર્ડ નં.૩માં રૂ.૩૦ લાખના ખર્ચે સીસી રોડ, વોર્ડ નં.૨માં રૂ.૩૦ લાખના ખર્ચે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ તથા કોળી સમાજના સ્મશાનગૃહમાં રૂ.૧૦ લાખના ખર્ચે સ્નાનઘાટ અને યુરિન બ્લોકના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. કામગીરીથી નગરજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

# જિલ્લા કલેકટરે લીલીયાના કુતાણા ગામની મુલાકાત લઈ વિવિધ દફતરોની ચકાસણી કરી

લીલીયા,તા.૨૮

અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે લીલીયા તાલુકાના કુતાણા ગામની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન તેમણે ગ્રામ સચિવાલયની મુલાકાત લઈ વિવિધ દફતરોની તપાસણી કરી હતી. તેમજ ગ્રામ વિકાસ અને ગ્રામજનોની સુખાકારીને લગતા પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચર્ચા કરી જરૂરી માહિતી મેળવી હતી. ગ્રામ્ય કક્ષાએ સરકારની વિવિધ યોજનાઓનો અસરકારક અમલ થાય અને ગ્રામજનોને સરકારી સેવાઓનો સરળતાથી લાભ મળી રહે તે અંગે કલેક્ટરે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી જીલ પટેલ, મામલતદાર વાડા, તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલ, સરપંચ ગૌતમભાઈ વિછીયા સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલીમાં 'યોગ અને ધ્યાન' શિબિર યોજાઈ

અમરેલી તા. ૨૮

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અમરેલીના સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગ ગુરુ શીશપાલજીના અધ્યસ્થાને 'યોગ અને ધ્યાન' શિબિર યોજાઈ હતી. જેમાં વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવાનો સહિત નાગરિકો જોડાયા હતા. યોગ ગુરુ શીશપાલજીએ કપાલભાતિ, ભ્રામરી, અનુલોમ-વિલોમ જેવા પ્રાણાયામ તેમજ તાડાસન, વૃક્ષાસન અને વજાસન સહિતના યોગાસનોનું પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે યોગ અને ધ્યાન દ્વારા 'સ્વસ્થ સમાજ-મેદસ્વિતા મુક્ત અને સમૃધ્ધ ગુજરાત'નું નિર્માણ કરી શકાય છે. નિયમિત યોગથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે છે તથા તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદ મળે છે. આજની અયોગ્ય જીવનશૈલીને કારણે વધતી મેદસ્વિતાને નિયંત્રિત કરવા યોગ ઉપયોગી છે. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



# વડિયાનું બાટવા દેવળી પ્રથમ સંપૂર્ણ સ્માર્ટ મીટર ગામ બન્યુ

વડિયા,તા.૨૮

અમરેલી જિલ્લાના વડિયા-કુંકાવાવ તાલુકાના વડિયા PGVCL હેઠળ આવતા બાટવા દેવળી ગામમાં તમામ વીજ કનેક્શનમાં સ્માર્ટ મીટર લગાવી અનોખી પહેલ કરવામાં આવી છે. વડિયા PGVCLના ડેપ્યુટી ઈજનેર ડી.ડી. મારુના માર્ગદર્શન તથા સરપંચ યતીન નાગાણી અને ગ્રામજનોના સહકારથી ગામના કુલ ૫૧૨ કનેક્શનમાં ડિજિટલ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જેમાં ૪૭૨ ઘર, ૨૮ દુકાનો તેમજ ગ્રામ પંચાયત, વોટર વર્કસ, સ્ટ્રીટલાઈટ, આંગણવાડી અને સરકારી દવાખાનાનો સમાવેશ થાય છે. ગ્રાહકોએ કોઈ વિરોધ વગર સ્વેચ્છાએ સ્માર્ટ મીટર લગાવડાવ્યા હતા. વિલેજ હેલ્પર આર.એલ. બાલાપરીયા સહિતના કર્મચારીઓએ પણ કામગીરીમાં જહેમત ઉઠાવી હતી.

# રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામે વનકર્મીઓ પર હુમલો કરનાર સિંહ પકડાયો

રાજુલા,તા.૨૮

રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામની સીમમાં બે વનકર્મીઓ પર સિંહે હુમલો કર્યાની ઘટના બાદ વનવિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા મેગા ઓપરેશનને ત્રીજા દિવસે સફળતા મળી હતી. ત્રણ દિવસ સુધી સતત શોધખોળ કર્યા બાદ કાતર ગામની સીમમાંથી ૧૨ વર્ષથી વધુ ઉંમરના ડાલામથા નર સિંહને ટ્રેન્ક્યુલાઈઝ કરીને સુરક્ષિત રીતે પાંજરે પૂરવામાં આવ્યો હતો. સિંહ પકડાઈ જતાં વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ પકડાયેલા સિંહને જાફરાબાદ સ્થિત બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. સિંહની શોધખોળ માટે વનવિભાગની ટીમો દ્વારા સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવી હતી. ત્રણ દિવસની મહેનત બાદ સિંહ ઝડપાતા વનવિભાગે રાહત અનુભવી હતી.



# ધારીના પ્રેમપરા ખાતે ધોળા દિવસે સિંહોએ બે બળદોનો શિકાર કર્યો

ધારી,તા.૨૮

ધારી તાલુકાના પ્રેમપરા ગામની સીમ વિસ્તારમાં ધોળા દિવસે ત્રણ સિંહો આવી ચડયા હતા. સિંહોના ટોળાએ બે બળદોનો શિકાર કરી ફાડી ખાધા હોવાની ઘટના સામે આવતા આસપાસના ગ્રામજનોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, પ્રેમપરા ગામની સીમમાં ત્રણ સિંહો અચાનક આવી ચડ્યા હતા અને બળદો પર હુમલો કરી તેમનો શિકાર કર્યો હતો. સિંહોએ બળદોને ફાડી ખાધા બાદ લાંબા સમય સુધી આસપાસમાં જ ધામા નાખ્યા હતા. પ્રેમપરા વિસ્તારમાં અવારનવાર સિંહોની અવરજવર જોવા મળતી હોવાના કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ધોળા દિવસે સિંહોએ બળદોનો શિકાર કરતા ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. વન વિભાગ દ્વારા સિંહોને દૂર ખસેડવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે.



તસવીર : સંજય વાળા









**મામલતદાર નિવૃત અને પ્રાંત અધિકારીની બદલી થયા બાદ કોઈ આવવા તૈયાર નથી?**

# બગસરામાં મામલતદાર અને પ્રાંત અધિકારીની જગ્યા ખાલી

બગસરા તા.૨૮

બગસરા મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીમાં મહત્વના અધિકારીઓની જગ્યા ખાલી હોવાથી અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. છેલ્લા એક મહિનાથી મામલતદાર ઈન્ચાર્જ તરીકે ચાલે છે તો પ્રાંત અધિકારીને પણ ઈન્ચાર્જનો હવાલો સોંપવામાં આવ્યો છે. બગસરામાં છેલ્લા એક મહિનાથી મામલતદાર પ્રશાંત ભીંડી નિવૃત થયા બાદ ધારીના મામલતદારને બગસરાના મામલતદાર તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. જેથી મામલતદાર ધારી-બગસરા વચ્ચે અપડાઉન કરી રહ્યાં છે જેના કારણે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે. કાયમી મામલતદાર આવે તે પહેલા પ્રાંત અધિકારીની



બદલી કરવામાં આવતા આ જગ્યા પણ ખાલી પડી છે. અમરેલીના જિલ્લા પુરવઠા અધિકારીને બગસરાના પ્રાંત અધિકારીનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. મહત્વના બે અધિકારીની જગ્યા ખાલી હોવા છતાં રાજય સરકાર દ્વારા કોઈને કાયમી નિમણૂંક આપવામા આવતી નથી જેથી અરજદારોને કામો ટલ્લે ચડે છે. બગસરા તાલુકાના કહેવાતા આગેવાનો પણ આ બાબતે કોઈ રજૂઆત ન કરતા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. બગસરાને કાયમી મામલતદાર અને પ્રાંત અધિકારી મળે તેવી અરજદારો માંગ કરી રહ્યા છે.

**બંને મહત્વની જગ્યા ભરવા માટે આગેવાનો રસ લે તેવી અરજદારોની માંગ**

# લીલીયા મોટામાં દીકરીઓએ પિતાની અર્થીને કાંધ આપી પુત્રની ફરજ નિભાવી

લીલીયા,તા.૨૮



લીલીયા મોટા ખાતે સ્વ. ધનજીભાઈ પાંચાભાઈ શેખલીયાના અવસાન બાદ અંતિમ સંસ્કાર પ્રસંગે દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ અદા કરી હતી. પરિવારમાં પુત્ર ન હોવા છતાં દીકરીઓએ પિતાની અંતિમ વિધિની જવાબદારી સ્વીકારી હતી. પિતાના નિધનથી પરિવાર શોકમાં ગરકાવ હતો. તે સમયે દીકરીઓએ હિંમત અને કર્તવ્યભાવ સાથે પિતાના અંતિમ સંસ્કારની જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગ દીકરી પણ દીકરાથી ઓછી નથી તેવો સંદેશ આપતો બન્યો હતો.

# દામનગરના ગાયત્રી મંદિરે બુધવારે ૮૬મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

દામનગર,તા.૨૮

દામનગરમાં સ્થાનિક પ્રચાર સેવાનું માધ્યમ ધરાવતી સંસ્થાઓ સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, ગાયત્રી મંદિર દામનગર અને ભૂરખીયા હનુમાનજી મંદિર ભૂરખીયાના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦-૦૯-૨૦૨૬, બુધવારના રોજ ૮૬મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. કેમ્પમાં રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ રાજકોટના ડોક્ટરો સહિતની ટીમ દ્વારા દર્દીઓની આંખોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. મોતિયાના ઓપરેશન પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા આવનાર દર્દીઓએ આધાર પુરાવા સાથે સવારના ૮ વાગ્યે ગાયત્રી મંદિર, દામનગર ખાતે પહોંચી જવા આયોજકોએ જણાવ્યું છે. આંખોને લગતી તકલીફ ધરાવતા દર્દીઓને કેમ્પનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# લીલીયામાં ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ મંડળીની ૩૨મી સાધારણ સભા યોજાઈ

લીલીયા,તા.૨૮

લીલીયા જલારામ મંદિર ખાતે ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળીની ૩૨મી વાર્ષિક સાધારણ સભા પૂર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સંસ્થાના એમડી દિનેશભાઈ ભટ્ટે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી સંસ્થાની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો.



ત્યારબાદ હનુભાભા ધોરાજીયા, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, પૂર્વ સદસ્ય વિપુલભાઈ દુધાત અને ચેરમેન હિતેશભાઈ કારિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સભાનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, અરૂણભાઈ પટેલ, અશોકભાઈ વરિયા અને કિશોરભાઈ પાઠકે સંસ્થાના વહીવટની પ્રશંસા કરી હતી. સંસ્થામાં ૨૭૧૦ સભાસદ હોવાનું તેમજ સ્વભંડોળ, સભાસદ ધિરાણ, શેર ભંડોળ અને થાપણ સહિતની વિવિધ નાણાકીય વિગતો રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સંજયભાઈ મહેતાએ આભારવિધિ કરી હતી.

# ધારીમાં રેલવે ટ્રેક આસપાસની ઝાડી-ઝાંખરા દૂર કરાતા રાહત

ધારી,તા.૨૮



તસવીર : સંજય વાળા

ધારીમાં પશુ દવાખાના વિસ્તાર તેમજ નવી વસાહત ખાતે છેલ્લા ચાર દિવસથી દીપડાની અવરજવર જોવા મળતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ચોમાસાની સિઝન પૂર્ણ થતા રેલવે ટ્રેકની આજુબાજુ જાડી જાખરાનું સામ્રાજ્ય જોવા મળતું હતું. અનુસૂચિત જાતિના અમરેલી જિલ્લાના ભાજપ મહામંત્રી શાંતિલાલ પરમારે આ બાબતે સાંસદ ભરતભાઈ સુતરીયાને રજૂઆત કરી હતી. ભરતભાઈ સુતરીયાએ રેલવે વિભાગને જાણ કરતા તાત્કાલિક બે જેસીબી ફાળવી જાડી જાખરા દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# કોટડાપીઠા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ સાથે 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૨૮

બાબરા તાલુકાના કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ગ્રામજનોએ કાર્યક્રમ થકી માર્ગદર્શન મેળવ્યું હતું. આરોગ્ય જાગૃતિ સાથે જનસેવા અને રાષ્ટ્રપ્રેરણાનો સંકલ્પ વધુ મજબૂત બનાવતા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી કેમ્પનો લાભ લીધો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ



તસવીર : દિપક કનૈયા

કાનાણી, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપ મહામંત્રી ચેતનભાઈ શિયાળ, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા પંચાયત સદસ્ય હિતેશભાઈ કલકાણી, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, તાલુકા ભાજપ મહામંત્રી લલિતભાઈ વેકરિયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ટીંબી ચેકપોસ્ટ પરથી બે શખસો ૮ બોટલ અંગ્રેજી દારૂ સાથે ઝડપાયા

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા પોલીસે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરી છે.

ટીંબી ચેકપોસ્ટ પરથી પોલીસે બે શખસોને ૮ બોટલ અંગ્રેજી દારૂ સાથે ઝડપી લીધા હતા. પોલીસે કૂલ રૂ. ૪,૧૯૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત, ચિતલ ગામેથી ૭ લીટર અને અમરેલીમાંથી ૨ લીટર મળી કૂલ ૯ લીટર દેશી દારૂ જપ્ત કરાયો હતો.

તેમજ જિલ્લાના વિવિધ સ્થળોએથી પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા ૧૮ ઈસમો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ધારીના કરમદડી ગામે પ્રસાદ વેચવા બાબતે થયેલી મારામારીમાં ત્રણ આરોપી ઝડપાયા

ધારી,તા.૨૮

ધારી તાલુકાના કરમદડી ગામે ગણપતિના પ્રસાદ વેચવા બાબતે થયેલી ગંભીર મારામારીના ગુનામાં ધારી પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. તા. ૨૪-૯-૨૦૨૬ના રોજ કરમદડી ગામે સંગીતાબેન પાટડીયા ઉપર મિતેશ વિનુભાઈ ગોંડલીયા, અશોક રામદાસ ગોંડલીયા અને અક્ષય પ્રવીણભાઈ ગોંડલીયાએ હુમલો કર્યો હતો. હુમલામાં સંગીતાબેનના માથાના ભાગે ગંભીર ઈજા થતાં ૧૬ ટાંકા આવ્યા હતા. આ બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ નોંધાવવામાં આવતા આરોપીઓ નાસી ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે સીમ વિસ્તારમાંથી ત્રણેય આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સા.કુંડલામાં મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં દબાણો દૂર કરાયા

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા શહેરમાં તંત્ર દ્વારા જાહેર માર્ગો પરના દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના મુખ્ય બજાર સહિત મહુવા રોડ, હાથસણી રોડ અને નાવલી બજાર વિસ્તારમાં દબાણોનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું. જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલા ઓટલા, છાપરાં તેમજ અન્ય બાંધકામો દૂર કરવામાં



તસવીર : સૌરભ દોશી

આવ્યા હતા. તંત્રની કામગીરી દરમિયાન કેટલાક લોકોએ પણ સ્વૈચ્છિક રીતે પોતાના દબાણો હટાવી લીધા હતા. શહેરના મુખ્ય માર્ગો પર દબાણોના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડતી હોવાના પગલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી સાંજ સુધી ચાલુ રાખવામાં આવી હતી. કામગીરી દરમિયાન માર્ગો ખુલ્લા થતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં રાહત મળવાની શક્યતા છે.

# વડિયાના દેવળકી ગામે પતિના અવસાન બાદ પરણિતાને પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂકી

**અમારે તું જોઈતી નથી કહી શારીરિક-માનસિક ત્રાસ આપ્યો**

વડિયા,તા.૨૮

વડિયાના દેવળકી ગામે રહેતાં પ્રવીણાબેન ઉર્ફે પૂજાબેન લખુભાઈ ડોબરીયા (ઉં.વ.૩૭)એ છગનભાઈ વલ્લભભાઈ ક્યાડા, મધુબેન છગનભાઈ ક્યાડા, યોગેશભાઈ છગનભાઈ ક્યાડા, નિર્મળાબેન પરષોત્તમભાઈ કરકર, હંસાબેન રમેશભાઈ ડોબરીયા તથા રમેશભાઈ કરમશીભાઈ ડોબરીયા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના સસરા, સાસુ, જેઠ તથા માસાજી-માસીજીએ લગ્નગાળા દરમિયાન તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપી, નાની-નાની બાબતોમાં મેણાં-ટોણાં માર્યા હતા. તેમજ 'અમારે તું જોઈતી નથી' તેમ કહી ગાળો આપી ઢોરમાર માર્યો હતો. એટલું જ નહીં, પતિના અવસાન બાદ તેમને પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂક્યા હતા. આ બનાવ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એસ.એલ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.










# અમરેલીમાં કેન્દ્ર સરકારની યોજનાઓના લાભાર્થીઓ સાથે કૌશિક વેકરીયાનો સંવાદ

અમરેલી, તા. ૨૮

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાતમાં આગામી તા. ૧૭ ઓક્ટોબર સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે અમરેલી શહેર ખાતે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કેન્દ્ર સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓના લાભાર્થીઓ સાથે પ્રત્યક્ષ મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો.આ મુલાકાત દરમિયાન વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે સરકારી લોન મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી હેઠળ પાકું મકાન મેળવનારા પરિવારો તેમજ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજનાના લાભાર્થીઓ સાથે રાજ્યમંત્રીશ્રીએ ચર્ચા કરી હતી. લાભાર્થીઓએ





સરકારી સહાય સમયસર અને પારદર્શક રીતે મળતા ખુશી વ્યક્ત કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો.પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગરીબ, વંચિત અને ઘરવિહોણા પરિવારોને પાકું અને સુવિધાયુક્ત મકાન બનાવવા માટે સહાય મળી રહી છે. જેના કારણે અનેક પરિવારોના પોતાના પાકા ઘરના વર્ષો જૂના સપના સાકાર થયા છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ રહેણાંક મકાનો પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા માટે આર્થિક સબસિડી આપવામાં આવી રહી છે. યોજનાથી વીજળી ખર્ચમાં રાહત સાથે હરિત ઊર્જાને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે.રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીની હરિઓમ ડેરી અને પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર હેઠળ સરકારી લોન સહાય મેળવનાર ડેરીના માલિક હરેશભાઈ બાંભરોલીયા અને તેમના પરિવાર સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

હરેશભાઈએ જણાવ્યું હતું કે, નાનકડી દુકાનથી શરૂ કરેલી ડેરીને સરકારની રૂ. ૧.૫ કરોડની લોન સુવિધા મળતા અંદાજિત રૂ. ૩૭ લાખ જેટલી સબસિડીનો લાભ મળ્યો છે.કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓથી શિક્ષણ, આવાસ, ઊર્જા અને રોજગાર ક્ષેત્રે નાગરિકોને સહાય મળી રહી છે. લાભાર્થીઓ સાથેના સંવાદ દરમિયાન યોજનાઓના અમલીકરણ અને તેના પરિણામે આવેલા હકારાત્મક પરિવર્તનની વિગતો સામે આવી હતી.

## સાવરકુંડલાની રૂહી ભોરણીયા વક્તૃત્વ સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ

સાવરકુંડલા,તા.૨૮



સનરાઈઝ સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રૂહી ભોરણીયાએ 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું..હવે તે અમરેલી ખાતે યોજાનાર જિલ્લા કક્ષાની સ્પર્ધામાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. તા.૨૬ સપ્ટેમ્બરે એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી સ્પર્ધામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. રૂહીના વક્તવ્યથી પ્રભાવિત થઈ તેમણે તેના વ ખાણ કર્યા હતા. રૂહી અગાઉ પણ નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરી ચૂકી છે.

## લાઠીની તાલુકા શાળામાં છૂટવાના સમયે વાહનોની અવરજવરથી વિદ્યાર્થીઓમાં અકસ્માતનો ભય

લાઠી,તા.૨૮

લાઠી શહેરની તાલુકા શાળામાં આશરે ૭૦૦ થી ૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળા છૂટવાના સમયે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બહાર નીકળતા હોવા છતાં કેટલાક શિક્ષકો ફોરવ્હીલ વાહનો લઈને વિદ્યાર્થીઓની સાથે જ શાળામાંથી બહાર નીકળતા હોવાની રજૂઆત સામે આવી છે. વાહનોના હોર્ન અને



તસવીર : જગદીશ ખેર

અવરજવરથી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હોવાની ફરિયાદ પણ કરવામાં આવી છે. ખાસ કરીને સાયકલ દ્વારા આવતા નાના વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી શાળા છૂટવાના સમયે વાહનોની અવરજવર નિયંત્રિત કરવા વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે. શિક્ષકોના સમયપાલન અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

આ અંગે શાળાના આચાર્ય સહિત તાલુકા અને જિલ્લા શિક્ષણ અધિકારીઓને જાણ કરવા છતાં સ્થિતિમાં ફેરફાર ન થયો હોવાની રજૂઆત છે. શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ છે.

## રાજુલાના ખાખબાઈ ગામેથી યુવતી અગમ્ય કારણોસર ગુમ

રાજુલા,તા.૨૮

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામેથી એક યુવતી કોઈને કહ્યા વિના ઘરેથી ચાલી નીકળી હોવાનો બનાવ સામે આવ્યો છે.

બનાવ સંદર્ભે યુવતીના પિતા ખીમજીભાઈ કાળાભાઈ બાબરિયા (ઉં.વ.૬૦)એ નોંધાવેલી જાહેર વિગત મુજબ, તેમની પુત્રી જયાબેન (ઉં.વ.૩૩) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. પરિવારજનો દ્વારા સગા-સંબંધીઓમાં તથા આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ ન મળતાં આખરે રાજુલા પોલીસને જાણ કરવામાં આવી હતી.આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## રાજુલામાં મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરે ઓર્થોપેડિક નિષ્ણાંતની નિઃશુલ્ક ઓપીડી

રાજુલા, તા.૨૮

રાજુલા ખાતે વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરે તા.૧ ઓક્ટોબરના રોજ ઓર્થોપેડિક નિષ્ણાતની નિઃશુલ્ક ઓપીડી યોજાશે. ડી.એન.બી. ઓર્થો ડો. નિંકુજ ગાંધલિયા સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી દર્દીઓની



તપાસ કરશે. ઓપીડીમાં હાડકાં, સાંધા, ઘૂંટણ, થાપા, ખભા, પગની પાની, કમર તથા રમતગમતની ઈજાઓ અંગે માર્ગદર્શન અને સારવાર આપવામાં આવશે. ફ્રેક્ચર તથા અકસ્માતની ઈજાઓની સારવાર અને ફિઝિયોથેરાપીની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

દર્દીઓ માટે અગાઉથી રજીસ્ટ્રેશન ફરજિયાત છે. રજીસ્ટ્રેશન માટે ૯૮૦૯૮ ૯૨૦૯૨ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## અમરેલીમાં રિક્ષાવાળા સાથે માથાકૂટ ન કરવા સમજાવનાર યુવકના માથામાં હથોડી મારી

અમરેલી,તા.૨૮

અમરેલીમાં રિક્ષાવાળા સાથે માથાકૂટ ન કરવા સમજાવતાં એક યુવકના માથામાં હથોડી મારવામાં આવી હતી. બનાવ સંદર્ભે અરમાનભાઈ મેપભાઈ મલેક (ઉં.વ. ૨૧) નામના યુવકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા તેમના મિત્ર ચિતલ રોડ પર આવેલી અંધશાળા સામેના બાંકડા પર બેઠા હતા. તે સમયે મોટરસાયકલ પર સવાર ત્રણ અજાણ્યા શખસો એક વયસ્ક રિક્ષાવાળા સાથે માથાકૂટ કરી રહ્યા હતા.જેથી ફરિયાદીએ તેમને રિક્ષાવાળા સાથે માથાકૂટ ન કરવા સમજાવતાં, ત્રણેય શખસોએ ઉશ્કેરાઈને જેમ-તેમ ગાળો આપી હતી. ઉપરાંત, યુવકના માથાના પાછળના ભાગે હથોડી મારી પાંચેક ટાંકા આવે તેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. આર.એન. માલકિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## રાજુલા સંઘવી પ્રા. શાળામાં 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત સ્પર્ધા યોજાઈ

રાજુલા, તા.૨૮

રાજુલા સંઘવી પ્રાથમિક શાળા ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત તાલુકા કક્ષાના ચિત્ર પ્રદર્શન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ચિત્રકલા દ્વારા સર્જનાત્મકતા અને વક્તૃત્વ સ્પર્ધામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્પર્ધામાં



તસવીર : ગોપાલ રાઠોડ

વિજેતા તેમજ ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ હિંમતભાઈ બલદાણીયા, કનુભાઈ કામળિયા, જયરાજસિંહ ધાખડા, ભૌતિકભાઈ કિકાણી, જયદીપભાઈ કોટેચા, વાલજીભાઈ ભીલ સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, જ્ઞાન, સર્જનાત્મકતા અને કૌશલ્યના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૨૯-૦૯-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૧૨,
સૂર્યાસ્ત-૦૬:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

### દૈનિક રાશિફળ

તા. ૨૯-૦૯-૨૦૨૬ મંગળવાર

મેષ: પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.

વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે.

મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશે.

કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે.

કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો.

તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો.

વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે.

ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે.

મકર: વિદ્યાર્થીઓ ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. આજે જીવનમાં રચનાત્મક કાર્યને બદલે પ્રેમ, રોમાંસ અને ભાગ્યને વધુ મહત્વ આપવામાં આવશે.

કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે,

મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. ભાવનાઓમાં ડૂબીને કોઈને પણ તમારા મન વિશે જણાવશો નહીં,

## લીલીયા મોટામાં વધતી ચોરીની ઘટનાઓ અંગે તાલુકા કોંગ્રેસ દ્વારા પોલીસને રજૂઆત

લીલીયા,તા.૨૮

લીલીયા મોટા ગામમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીના નાના-મોટા બનાવો બનતા હોવાની રજૂઆત તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પોલીસ તંત્રને કરવામાં આવી છે. તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીએ લીલીયા મોટા પોલીસ સ્ટેશનના અધિકારીને લેખિત રજૂઆત કરી ચોરીના બનાવોની



યોગ્ય તપાસ કરી જવાબદાર તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆતમાં દાદાવાડી હનુમાન મંદિર, બાપા સીતારામના ઓટા પરથી દાનપેટી, તેમજ અશ્વિનભાઈ બુહા, હિંમતભાઈ કાંકરેચા, પરેશભાઈ કાંકરેચા અને મહેશભાઈ બુહાની વાડીઓમાંથી કેબલ, બેટરી, ઝટકા મશીન સહિતની ચોરીની ઘટનાઓ અંગે પોલીસને માહિતગાર કરવામાં આવી હતી. ચોરાયેલો મુદ્દામાલ પરત મેળવવા તેમજ પેટ્રોલિંગ વધારવાની પણ માંગ કરાઈ હતી. આ તકે વિજય કોગથિયા સહિત કોંગ્રેસ કાર્યકરો અને વાડી માલિકો ઉપસ્થિત રહ્યા હતા.

## લાઠીમાંથી સગીરનું અજાણ્યા ઈસમે અપહરણ કર્યાની ફરિયાદ

લાઠી, તા.૨૮

લાઠીમાંથી સગીરનું અજાણ્યા ઈસમે અપહરણ કર્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી.બનાવ અંગે મહેશભાઈ વ્રજલાલભાઈ ચૌહાણે (ઉ.વ.૫૫) નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યો ઈસમ તેમના સગીર પુત્રનું કોઈ પણ રીતે અપહરણ કરી ગયો હતો. બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

## ચાવંડ ગામે મહિલા પાસેથી ૧૭ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૮

લાઠીના ચાવંડ ગામેથી મહિલા પાસેથી ૧૭ લીટર તથા જાફરાબાદના એભલવડ ગામેથી ૧ લીટર મળી કુલ બે સ્થળેથી ૧૮ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય જિલ્લામાં વિવિધ સ્થળોએથી છ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

## સાવરકુંડલા તાલુકા કક્ષાની સ્પર્ધામાં વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓની સિદ્ધિ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત તાલુકા કક્ષાની ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ધોરણ ૧૨ની વિદ્યાર્થિની બાવળિયા અસ્મા ઉસ્માનભાઈએ ચિત્ર સ્પર્ધામાં 'વિકસિત ભારત' વિષય પર સુંદર ચિત્ર રજૂ કરી



પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. તેમની કલાકૃતિની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ નિહાળી પ્રશંસા કરી હતી. જ્યારે ધોરણ ૧૧ની વિદ્યાર્થિની મોનિકા ગોવિંદભાઈ મેવાડાએ ચંદ્રયાન મિશન વિષય પર વક્તૃત્વ રજૂ કરી દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. બંને વિદ્યાર્થિનીઓને શિક્ષકો પ્રહલાદભાઈ ચૌહાણ અને નીતાબેન ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું.

સફળતા બદલ મેનેજીંગ ટ્રસ્ટી મનજીબાપા તળાવિયા અને આચાર્ય સંજયભાઈ ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.

## લોહાણા સમાજ દ્વારા સાવરકુંડલામાં જી.કે. એક્ઝામ યોજાઈ: ૭૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સાવરકુંડલા,તા.૨૮

લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોન-૪ની સૂચના અનુસાર લોહાણા મહાજન ટ્રસ્ટ-સાવરકુંડલા દ્વારા તાલુકા પ્રમુખ વિજયભાઈ વસાણીની આગેવાની હેઠળ લોહાણા મહાજન વાડી ખાતે જી.કે. એક્ઝામ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોહાણા સમાજના ૭૪ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ માધવાણી, ઉપપ્રમુખ રાજુભાઈ શીંગાળા,



ટ્રસ્ટી હાર્દિકભાઈ ખીમાણી તથા પીન્ટુભાઈ વડેરા સહિતના આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું. કારોબારી સભ્યો અને તાલુકા વિભાગના સભ્યોએ પણ જહેમત ઉઠાવી હતી. સૌના સાથ-સહકારથી પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થઈ હતી. અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**તંત્રી લેખ**

# વિરોધનો અધિકાર એ લોકશાહીનો શ્વાસ છે

તાજેતરમાં થયેલા પેપર લીક અને અન્ય એજ્યુકેશન સેક્ટરમાં થયેલા કૌભાંડોને કારણે ન્યાયતંત્ર દ્વારા એક મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે પટણામાં નેશનલ લો યુનિવર્સિટીમાં જે કહ્યું તે આજના સમયમાં ખૂબ મહત્વનું છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે અને તે અધિકારના રક્ષણ માટે ન્યાયતંત્ર કટિબધ્ધ છે.

આજે દેશમાં જેન-ઝી એટલે કે નવી પેઢીના યુવાનો અનેક મુદ્દે અવાજ ઉઠાવી રહ્યા છે. ક્યાંક મોંઘા શિક્ષણ સામે, ક્યાંક પોલીસના લાઠીચાર્જ સામે, ક્યાંક નોકરી ન મળવા સામે. આ યુવાનો સોશિયલ મીડિયાના જમાનામાં જન્મેલા છે. તેઓ સવાલ પૂછતા ડરતા નથી. તેમને એવું લાગે છે કે તેમની વાત સાંભળવામાં આવતી નથી એટલે તેઓ રસ્તા પર આવે છે.

આવી સ્થિતિમાં દેશની સૌથી મોટી અદાલતના વડા એમ કહે કે અમે તમારા અધિકાર સાથે છીએ તો તેનાથી યુવાનોમાં વિશ્વાસ જાગે છે. લોકશાહીમાં સરકાર, પોલીસ, નેતા બધા શક્તિશાળી હોય છે. સામાન્ય વિદ્યાર્થી પાસે કશું હોતું નથી. તેની પાસે ફક્ત અવાજ હોય છે. જો તે અવાજને પણ દબાવી દેવામાં આવે તો લોકશાહી નબળી પડે.

પટનાના વિદ્યાર્થીઓએ સીજેઆઈને સીધા સવાલો પૂછ્યા. પોલીસ લાઠીચાર્જ કેમ થાય છે, શિક્ષણ આટલું મોંઘું કેમ છે, કોલેજિયમ સિસ્ટમ શું છે. આ સવાલો જ દર્શાવે છે કે આજનો વિદ્યાર્થી માત્ર પુસ્તક નથી વાંચતો, તે સમાજને વાંચે છે. તેને ખબર છે કે તેના જીવન સાથે શું જોડાયેલું છે.આપણે સમજવું પડશે કે વિરોધ એ દેશદ્રોહ નથી. આપણા બંધારણે દરેક નાગરિકને શાંતિપૂર્વક ભેગા થવાનો અને પોતાનો મત વ્યક્ત કરવાનો અધિકાર આપ્યો છે. જ્યારે વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક સૂત્રો પોકારે છે, પ્લેકાર્ડ બતાવે છે ત્યારે તે બંધારણનો ઉપયોગ કરે છે. તેને લાઠીથી જવાબ આપવો એ બંધારણનું અપમાન છે.

સરકારે વિચારવું પડશે કે શિક્ષણ જો માત્ર પૈસાદારો માટે જ રહેશે તો ગરીબનું બાળક આગળ કેવી રીતે આવશે. શિક્ષણ તો સમાન તક આપવાનું સાધન છે. જો ફી જ ભરી ન શકાય તો તક ક્યાંથી મળે.

ન્યાયતંત્રે આ સમયે જે ભૂમિકા ભજવી છે તે પ્રશંસનીય છે. ન્યાયાધીશ માત્ર ચુકાદો આપવા માટે નથી. તે લોકોના અધિકારના રખેવાળ છે. જ્યારે સીજેઆઇ પોતે યુનિવર્સિટીમાં જઈને વિદ્યાર્થીઓને સાંભળે છે, તેમના સવાલોના જવાબ આપે છે ત્યારે ન્યાય અને નવી પેઢી વચ્ચે સેતુ બને છે.

મોંઘું શિક્ષણ આજે મધ્યમ વર્ગના ઘરનું સૌથી મોટું દુઃખ છે. ખાનગી શાળા કોલેજમાં લાખોની ફી, ડોનેશન અને હોસ્ટેલ ખર્ચ માતા-પિતાની કમર તોડી નાખે છે. ઘણા પિતા લોન લે છે અને માતા ઘરેણાં વેચે છે. વિદ્યાર્થી પર નાનપણથી જ દબાણ આવે છે કે આટલા પૈસા ખર્ચ્યા છે તો સારા માર્ક્સ લાવવા જ પડશે. આ માનસિક તણાવથી અનેક યુવાનો ડિપ્રેશનમાં જાય છે. ડિગ્રી પછી જ્યારે નોકરી નથી મળતી ત્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થાય છે. હાથમાં ડિગ્રી હોય છે, માથે દેવું હોય છે અને સામે બેરોજગારી હોય છે. ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થી ફી ન ભરી શકવાને કારણે સારો કોર્સ છોડી દે છે. આમ પૈસો ટેલેન્ટને હરાવી દે છે. શિક્ષણ જો સસ્તું અને ગુણવત્તાવાળું બને તો જ દેશનું ભવિષ્ય સાચા અર્થમાં ઉજ્જવળ બને. આ તમામ સમસ્યાઓનું સમાધાન વહેલી તકે લાવવુ જરૂરી છે ન્યાયતંત્ર પણ આ વસ્તુ ઈચ્છે છે.

# ટ્રમ્પની ચેતવણીથી ચીન-અમેરિકા સંબંધોમાં નવો તણાવ

ચીન અને અમેરિકા વચ્ચેના સંબંધો આધુનિક વિશ્વ રાજકારણના સૌથી મહત્વપૂર્ણ અને જટિલ સંબંધોમાંથી એક છે. છેલ્લા સાત દાયકામાં બંને દેશો વચ્ચે દુશ્મનાવટથી લઈને મિત્રતા, વેપારી સહકારથી લઈને વ્યૂહાત્મક સ્પર્ધા અને હવે ફરીથી વધતા તણાવ સુધી અનેક તબક્કા આવ્યા છે. આજે બંને દેશો વિશ્વની બે મોટી આર્થિક અને સૈન્ય શક્તિઓ છે. તેથી તેમના સંબંધોમાં આવતો દરેક ફેરફાર માત્ર બંને દેશોને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને અસર કરે છે.

૧૯૪૯માં ચીનમાં સામ્યવાદી ક્રાંતિ બાદ માઓ ત્સે-તુંગના નેતૃત્વમાં પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાની સ્થાપના થઈ. તે સમયે અમેરિકાએ તાઈવાનમાં સ્થાયી થયેલી ચિયાંગ કાઈ-શેકની સરકારને ચીનની માન્ય સરકાર તરીકે સમર્થન આપ્યું હતું. કોરિયન યુધ્ધ દરમિયાન બંને દેશો પરોક્ષ રીતે નહીં પરંતુ સીધા સૈન્ય સંઘર્ષમાં પણ સામસામે આવ્યા હતા. પરિણામે બંને વચ્ચેનો અવિશ્વાસ વધુ ઊંડો બન્યો. પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પરિસ્થિતિ કાયમી રહેતી નથી. ૧૯૭૦ના દાયકામાં ચીન અને સોવિયેત સંઘ વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો. અમેરિકાએ આ બદલાતી પરિસ્થિતિને પોતાના વ્યૂહાત્મક હિત માટે મહત્વપૂર્ણ તક તરીકે જોઈ. ૧૯૭૧માં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હેન્રી કિસિંજરની ગુપ્ત ચીન મુલાકાત અને ત્યારબાદ ૧૯૭૨માં પ્રમુખ રિચર્ડ નિક્સનની ઐતિહાસિક બીજિંગ યાત્રાએ બંને દેશોના સંબંધોમાં મોટો વળાંક લાવ્યો. રમતગમતના માધ્યમથી શરૂ થયેલી પિંગ-પોંગ કૂટનીતિએ બંને દેશો વચ્ચેના સંવાદના દરવાજા ખોલ્યા.

૧૯૭૯માં અમેરિકા અને ચીન વચ્ચે સત્તાવાર રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા. ત્યારબાદ ચીને ડેંગ શિયાઓપિંગના નેતૃત્વ હેઠળ આર્થિક સુધારાઓ શરૂ કર્યા અને વિદેશી રોકાણ માટે પોતાના દરવાજા ખોલ્યા. અમેરિકાની અનેક કંપનીઓ ચીન તરફ વળી. ચીનની વિશાળ શ્રમશક્તિ, ઉત્પાદન ક્ષમતા અને વિશાળ બજારને કારણે બંને દેશો વચ્ચે વેપાર ઝડપથી વધ્યો.

૨૦૦૧માં ચીન વિશ્વ વેપાર સંગઠનમાં જોડાયું ત્યારથી વૈશ્વિક વેપારમાં તેની ભૂમિકા વધુ મજબૂત બની. વિશ્વના અનેક દેશો માટે ચીન ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બન્યું. અમેરિકાને સસ્તી ચીજવસ્તુઓ અને ચીનને વિશાળ નિકાસ બજાર મળ્યું. બંને અર્થતંત્રો એકબીજા સાથે એટલા જોડાયા કે આ સંબંધને સમજાવવા માટે 'ચાઈમેરિકા' જેવા શબ્દનો પણ ઉપયોગ થવા લાગ્યો.પરંતુ આ સહકારની પાછળ ધીમે ધીમે સ્પર્ધા પણ વધતી ગઈ. ચીનની આર્થિક શક્તિ સાથે તેની સૈન્ય ક્ષમતા વધી. દક્ષિણ ચીન સમુદ્ર, તાઈવાન, બૌદ્ધિક સંપદા, ટેકનોલોજી અને વેપાર ખાધ જેવા મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે મતભેદ ઊંડા બન્યા. અમેરિકાને ચીનના ઝડપી ઉદયમાં પોતાના વૈશ્વિક પ્રભાવ માટે પડકાર દેખાવા લાગ્યો.

ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં આ સ્પર્ધા ખુલ્લા વેપાર યુધ્ધમાં ફેરવાઈ. ચીનમાંથી આયાત થતી અનેક વસ્તુઓ પર અમેરિકાએ ભારે આયાત શુલ્ક લાદ્યા. ચીને પણ જવાબી પગલાં લીધાં. ત્યારબાદ જો બાઈડનના કાર્યકાળમાં વેપાર સાથે ટેકનોલોજી અને સુરક્ષાના મુદ્દાઓ વધુ મહત્વપૂર્ણ બન્યા. અદ્યતન સેમિકન્ડક્ટર ચિપ્સ અને અન્ય મહત્વપૂર્ણ ટેકનોલોજી અંગે



અમેરિકાએ ચીન પર નિયંત્રણો કડક કર્યા.

હવે ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ચીન-અમેરિકા સ્પર્ધાએ વધુ સંવેદનશીલ સ્વરૂપ ધારણ કર્યું છે. તાઈવાન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર, વેપાર, દક્ષિણ ચીન સમુદ્ર અને પશ્ચિમ એશિયાની સ્થિતિ જેવા મુદ્દાઓ બંને દેશો વચ્ચેના સંબંધોને સતત અસર કરી રહ્યા છે. તાજેતરની ટ્રમ્પ-શી જિનપિંગ મુલાકાત આ જ પૃષ્ઠભૂમિમાં મહત્વપૂર્ણ બની છે. ત્રણ દિવસની મુલાકાત દરમિયાન બંને

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

નેતાઓ વચ્ચે વેપાર, ઈરાન, યુક્રેન, તાઈવાન અને કૃત્રિમ બુદ્ધિમત્તા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ. બંને તરફથી રાજદ્વારી શિષ્ટાચાર અને મિત્રતાનો સંદેશ આપવામાં આવ્યો હોવા છતાં કોઈ મોટી નવી સમજૂતી સામે આવી નથી. એટલે બેઠકને અંતિમ સમાધાન કરતાં બંને દેશોની પોતાની-પોતાની સ્થિતિ સ્પષ્ટ કરનાર સંવાદ તરીકે જોવી વધુ યોગ્ય રહેશે.

આ મુલાકાતમાં સૌથી વધુ ધ્યાન ઈરાન મુદ્દે અમેરિકાના વલણ પર ગયું. રોઈટર્સના અહેવાલ મુજબ, ટ્રમ્પે ચીનને ઈરાનને સૈન્ય અથવા આર્થિક સહાય આપવાના પ્રશ્ને કડક સંદેશ આપ્યો હતો. અમેરિકી રાજદૂત ડેવિડ પરડયુના જણાવ્યા પ્રમાણે, અમેરિકાએ ઈરાનને પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ અંગે પોતાની અસહમતિ સ્પષ્ટ કરી હતી. જોકે આ મુદ્દે બંને દેશોની જાહેર સ્થિતિ અને વાસ્તવિક નીતિ વચ્ચેના તફાવતને ધ્યાનમાં રાખવો જરૂરી છે. ચીન અને ઈરાન વચ્ચે લાંબા સમયથી આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો છે. ચીન ઈરાનના મહત્વના તેલ ખરીદદારોમાંનું એક છે. બંને દેશો વચ્ચે લાંબા ગાળાનો વ્યૂહાત્મક સહકાર પણ છે. તેથી ઈરાન અંગે અમેરિકાની નીતિ અને ચીનના આર્થિક હિતો વચ્ચે તણાવ ઊભો થવાની શક્યતા સ્વાભાવિક છે.

ટ્રમ્પે શી જિનપિંગની મુલાકાત બાદ પોતાના ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર બંને નેતાઓની તસવીર સાથે 'America is back' લખ્યું હતું. આ સંદેશને અમેરિકાના વધુ સક્રિય અને કડક વિદેશ નીતિના અભિગમના સંકેત તરીકે જોવામાં આવ્યો. જોકે કોઈ એક સોશિયલ મીડિયા સંદેશને સમગ્ર અમેરિકી વિદેશ નીતિનું અંતિમ પ્રતિબિંબ માનવાને બદલે તેને વ્યાપક રાજદ્વારી સંદર્ભમાં જોવું જરૂરી છે.

ચીન માટે પડકાર એ છે કે એક તરફ તેને અમેરિકાની સાથે સીધો સંઘર્ષ ટાળવો છે અને બીજી તરફ ઈરાન જેવા દેશો સાથેના પોતાના આર્થિક સંબંધો જાળવવાના છે. અમેરિકા માટે પણ સ્થિતિ સરળ નથી. ચીન વિશ્વની મોટી આર્થિક શક્તિ છે અને વૈશ્વિક વેપાર વ્યવસ્થામાં તેની ભૂમિકા અત્યંત મોટી છે. તેથી બંને દેશો વચ્ચે સંપૂર્ણ તનાવ બંને માટે ખર્ચાળ બની શકે છે. આ સમગ્ર પરિસ્થિતિમાં ભારતનું સ્થાન વિશેષ મહત્વ ધરાવે છે. અમેરિકા અને ચીન વચ્ચે વધતી વેપારી સ્પર્ધા ભારત માટે કેટલીક આર્થિક તકો ઊભી કરી શકે છે. વિશ્વની કંપનીઓ ચીનની બહાર ઉત્પાદન કેન્દ્રો વિકસાવવાની નીતિ અપનાવી રહી છે. આ પ્રક્રિયામાં ભારત ઉત્પાદન, ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર, ટેકનોલોજી અને પુરવઠા વ્યવસ્થાના ક્ષેત્રોમાં વધુ રોકાણ આકર્ષવાનો પ્રયાસ કરી શકે છે. પરંતુ આ પરિસ્થિતિમાં પડકારો પણ ઓછા નથી. ઈરાન પર અમેરિકાના પ્રતિબંધો વધુ કડક બને તો ભારતના ચાબહાર જેવા વ્યૂહાત્મક હિતો પર અસર થઈ શકે છે. ચાબહાર બંદર ભારત માટે મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન તરફ પહોંચ માટે મહત્વપૂર્ણ છે. તેથી ભારતે ઈરાન સાથેના પોતાના સંબંધો અને અમેરિકાની સાથેની વ્યૂહાત્મક ભાગીદારી વચ્ચે સાવચેતીપૂર્વક સંતુલન જાળવવું પડશે.

ટેકનોલોજી ક્ષેત્રે પણ આગામી સમય મહત્વપૂર્ણ રહેશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, અદ્યતન ચિપ્સ, સાયબર ટેકનોલોજી અને ડિજિટલ માળખું હવે માત્ર વેપારના વિષયો રહ્યા નથી. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા અને વૈશ્વિક શક્તિના કેન્દ્ર બની રહ્યા છે. અમેરિકા અને ચીન વચ્ચે ટેકનોલોજી સ્પર્ધા વધશે તો તેની અસર સમગ્ર વિશ્વની સપ્લાય ચેઈન પર પડી શકે છે. ભારત માટે આ પડકાર સાથે તક પણ છે.

વિશ્વ હવે એકધ્રુવીય વ્યવસ્થામાં નથી. અનેક શક્તિ કેન્દ્રો ઉભા થઈ રહ્યા છે. અમેરિકા અને ચીન વચ્ચેની સ્પર્ધા તેની સૌથી મોટી અભિવ્યક્તિ છે. યુરોપ, રશિયા, ભારત, જાપાન અને અન્ય પ્રાદેશિક શક્તિઓ પણ પોતાના હિતોને ધ્યાનમાં રાખીને નવી વ્યૂહરચનાઓ બનાવી રહી છે.

આ બદલાતી પરિસ્થિતિમાં ભારત માટે સૌથી મહત્વની બાબત પોતાની નીતિમાં સ્થિરતા અને સંતુલન જાળવવાની છે. અમેરિકા સાથે ટેકનોલોજી, સંરક્ષણ અને રોકાણના ક્ષેત્રે સહકાર વધારવો જરૂરી છે, પરંતુ ચીન સાથેના વેપાર અને સરહદી સંબંધોમાં સંવાદના માર્ગો પણ ખુલ્લા રાખવા પડશે. ઈરાન જેવા દેશો સાથેના વ્યૂહાત્મક હિતોનું પણ રક્ષણ કરવું પડશે. ટ્રમ્પની ચીનને અપાયેલી ચેતવણીથી એક વાત સ્પષ્ટ થાય છે કે ચીન-અમેરિકા સંબંધો હવે માત્ર વેપાર સુધી સીમિત રહ્યા નથી. ઊર્જા, ટેકનોલોજી, સુરક્ષા, તાઇવાન અને વૈશ્વિક રાજકારણના અનેક મુદ્દાઓ એકબીજા સાથે જોડાઈ ગયા છે. આ ખેંચતાણ લાંબા સમય સુધી ચાલે તો તેની અસર વિશ્વ અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર પડશે. ભારત માટે આ સમય સાવચેતીનો પણ છે અને નવી તકો શોધવાનો પણ. બદલાતી વિશ્વવ્યવસ્થામાં પોતાની સ્વતંત્ર વિચારશક્તિ અને સંતુલિત કૂટનીતિ જ ભારતની સૌથી મોટી શક્તિ બની શકે છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૯૦૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૧૩૩૦ | ૧૫૧૧ |
| બાજરી | ૩૮૬ | ૪૦૭ |
| મકાઇ | ૩૦૦ | ૪૭૪ |
| તુવેર | ૧૩૮૫ | ૧૭૫૮ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૧૨૫ |
| અડદ | ૧૨૮૦ | ૧૯૧૧ |
| મગ | ૧૩૨૦ | ૧૭૩૯ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૩૩૦ |
| ચોળી | ૮૦૦ | ૧૨૪૦ |
| વટાણા | ૫૫૫ | ૯૦૫ |
| રાજમા | ૧૯૫૦ | ૨૨૯૯ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૨૦ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૫૩૫ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૭૦૭ |
| તલી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૩૨૫ | ૧૪૬૧ |
| અજમો | ૧૮૦૦ | ૩૨૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૯ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૮૧૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૪૪૧ |
| લસણ | ૧૦૯૧ | ૨૪૪૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૮૫૧ |
| ધાણી | ૨૩૦૦ | ૨૯૩૪ |
| વરીયાળી | ૧૫૯૦ | ૨૨૧૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૨૦૧ |
| રાય | ૧૩૩૦ | ૧૮૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૬૩૦ |
| ઇસબગુલ | ૧૯૬૦ | ૨૫૦૧ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૨૫ |
| કલોંજી | ૩૩૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૦૭ |
| રજકાનું બી | ૭૮૦૦ | ૧૦૦૫૦ |
| ગુવારનું બી | ૧૧૧૦ | ૧૨૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૪૦૩ | ૨૮૨૨ |
| પપૈયા | ૧૪૪ | ૨૯૨ |
| બટેટા | ૮૬ | ૨૯૩ |
| ડુંગળી સુકી | ૩૩૦ | ૮૬૧ |
| ટમેટા | ૨૧૩ | ૪૨૮ |
| સુરણ | ૫૦૧ | ૬૯૨ |
| કોથમરી | ૨૪૪ | ૪૦૩ |
| મુળા | ૨૧૧ | ૪૩૨ |
| રીંગણા | ૧૪૧ | ૩૫૭ |
| કોબીજ | ૭૮ | ૧૫૨ |
| ફ્લાવર | ૧૫૬ | ૨૭૯ |
| ભીંડો | ૩૬૪ | ૭૯૨ |
| ગુવાર | ૫૪૩ | ૧૩૩૯ |
| ચોળાસીંગ | ૩૯૨ | ૯૯૭ |
| વાલોળ | ૪૪૬ | ૮૩૫ |
| ટીંડોળા | ૪૧૭ | ૭૨૧ |
| દુધી | ૧૪૮ | ૨૮૭ |
| કારેલા | ૨૮૫ | ૩૯૨ |
| સરગવો | ૬૫૬ | ૧૩૦૨ |
| તુરીયા | ૩૯૫ | ૭૮૮ |
| પરવર | ૩૯૬ | ૫૮૩ |
| કાકડી | ૬૨૧ | ૯૦૭ |
| ગાજર | ૩૧૧ | ૪૯૮ |
| વટાણા | ૧૫૫૯ | ૨૨૧૮ |
| તુવેરસીંગ | ૮૦૧ | ૧૦૨૪ |
| કંટોળા | ૧૭૬૯ | ૨૨૨૪ |
| ગલકા | ૪૮૨ | ૭૮૯ |
| બીટ | ૩૭૭ | ૫૬૯ |
| મેથી | ૭૯૩ | ૧૨૦૨ |
| વાલ | ૫૦૩ | ૬૬૬ |
| ડુંગળી લીલી | ૧૮૨ | ૪૭૩ |
| આદુ | ૧૩૭૭ | ૩૦૨૭ |
| મરચા લીલા | ૬૫ | ૨૪૨ |
| હળદર લીલી | ૯૩૧ | ૧૩૭૭ |
| લસણ લીલું | ૨૪૭૬ | ૨૯૯૨ |
| મગફળી લીલી | ૫૧૯ | ૭૯૮ |
| મકાઇ લીલી | ૧૫૨ | ૩૦૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૪૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૩૨ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૩૪૬ | ૧૪૯૧ |
| તલ લાલ | ૨૪૩૧ | ૨૪૩૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૩૬૧ |
| કલંજી | ૧૮૦૧ | ૪૧૭૧ |
| વરીયાળી | ૪૦૦ | ૧૭૫૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૧૨૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૨૨૭૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૯૬૧ |
| અડદ | ૮૦૧ | ૧૮૮૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૮૦૧ |
| રાયડો | ૧૩૦૧ | ૧૪૯૧ |
| મેથી | ૯૬૧ | ૧૫૭૧ |
| કાંગ | ૬૮૧ | ૭૬૧ |
| સફેદ ચણા | ૧૩૧૧ | ૨૧૨૧ |
| તલ - તલી | ૧૮૫૦ | ૨૪૬૧ |
| ધાણી | ૨૫૫૧ | ૨૯૯૧ |
| બાજરો | ૨૯૧ | ૪૦૧ |
| જુવાર | ૪૭૧ | ૯૪૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૫૧ |
| મગ | ૬૫૧ | ૧૮૧ |
| ચણા | ૧૧૦૬ | ૧૪૦૧ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૭૧ |
| વાલ પાપડી | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૧૯૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૩૧ |
| ગોગળી | ૭૨૬ | ૧૪૨૧ |
| વટાણા | ૩૭૧ | ૮૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૮૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| કેરી કાચી | ૨૯૮૦ | ૪૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૮૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૮ |
| પ ાલક પુરા | ૫ | ૧૨ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૨૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૨૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૨૦ |
| તલ કાશમીરી | ૧૦૦૦ | ૨૪૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૬૬૦ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૫ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| અડદ | ૧૪૭૫ | ૧૮૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૪૩૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૫૦ |
| કપાસ | ૧૦૩૦ | ૧૯૧૦ |
| એરંડા | ૧૩૧૫ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૫૦ |
| રાય | ૧૫૯૫ | ૧૬૯૦ |
| ધાણી | ૨૭૦૦ | ૩૧૩૦ |
| અજમા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| મેથી | ૧૨૯૫ | ૧૪૨૫ |
| સોયાબીન | ૧૦૭૦ | ૧૧૨૫ |
| કાંગ | ૮૧૦ | ૮૧૦ |
| ચણા દેશી | ૧૩૩૫ | ૧૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૨૦ | ૬૩૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૨ | ૬૩૦ |
| દુધી | ૨૫૦ | ૩૫૦ |
| કારેલા | ૪૦૦ | ૪૫૦ |
| ગલકા | ૫૨૦ | ૬૩૦ |
| મૂળા | ૧૨૦ | ૨૨૦ |
| કાકડી | ૪૨૦ | ૬૨૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૯૫૦ | ૨૧૫૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૩૦ | ૧૩૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૬૫૦ | ૭૩૦ |
| સરગવો | ૧૪૦૦ | ૧૫૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સુકુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૫૦ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૩૧૫ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૬૭ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૧૫ |
| તુવેર | ૧૪૫૦ | ૧૭૭૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૩૦ |
| ધાણા | --- | ૩૧૧૫ |
| અડદ | ૧૪૦૦ | ૧૭૬૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૧૦ | ૧૯૦૪ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૩૦ |
| ચણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૬૬૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૬૧૦ | ૬૧૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૯૦ |
| ધાણા | ૨૨૮૦ | ૨૨૯૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૮૦ |
| તુવેર | ૧૬૫૫ | ૧૬૫૫ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૬૫૫ | ૧૬૫૫ |
| જુવાર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૫૦ |
| તલ કળા | ૨૫૩૦ | ૩૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૮૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૭૪ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૯૬ |
| અડદ | ૮૫૧ | ૧૭૩૧ |
| તુવેર | ૯૦૧ | ૧૭૧૬ |
| મગફળી | ૯૦૬ | ૧૪૫૬ |
| ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૫૧ |
| લસણ | ૭૨૧ | ૭૨૧ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૨૮૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૨૯૩ | ૧૨૯૩ |
| શીંગ ૬૬ | ૧૧૫૩ | ૧૪૦૦ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૫૩૧ |
| શીંગ ટી જે | ૯૪૫ | ૧૫૫૦ |
| એરંડા | ૫૦૦ | ૫૦૦ |
| જુવાર | ૨૦૦ | ૧૩૯૦ |
| બાજરી | ૩૯૨ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૩૨ |
| મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| અડદ | ૧૫૩૦ | ૧૬૮૦ |
| મગ | ૩૮૦ | ૧૧૫૦ |
| ચણા | ૫૩૦ | ૧૩૯૨ |
| તલ સફેદ | ૯૯૯ | ૨૩૯૯ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૨૬૪ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૮૩૨ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૪૭૯ |
| કપાસ શંકર | ૧૦૧૧ | ૧૮૨૩ |
| નાળીયેર | ૪૦૦ | ૩૦૭૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૦૨૧ | ૧૩૧૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૨૪ |
| ઘઉં | ૪૭૫ | ૬૧૩ |
| જુવાર | ૭૦૦ | ૧૩૮૨ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૬૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૯૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૫૨ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૩૦૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૩૪૬ |
| ડાંગર | ૭૭૦ | ૧૧૪૦ |
| રજકો | ૫૯૦૦ | ૮૯૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ A ગ્રેડ | ૧૬૬૫ | ૧૮૭૫ |
| કપાસ B ગ્રેડ | ૧૩૬૬ | ૧૬૦૫ |
| ઘઉં | ૪૯૧ | ૫૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૦૦ | ૯૫૦ |
| બાજરો | ૪૦૫ | ૪૭૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| મગ | ૮૦૦ | ૮૨૫ |
| અડદ | ૧૩૧૦ | ૧૮૦૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ચણા સફેદ | ૧૩૯૫ | ૧૭૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૩૫૦ | ૧૪૬૬ |
| તલી | ૧૪૦૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૧૫૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૨૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૮૨૫ |
| અજમાની ભૂસી | ૫૫ | ૨૯૦૦ |
| ધાણા ધાણી | ૧૫૦૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૮૦ |
| વટાણા | ૪૬૫ | ૭૦૦ |
| રાજમા | ૮૦૦ | ૧૯૬૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| કલોંજી | ૧૪૦૦ | ૪૧૯૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૦૦ |
| કપાસ | ૧૧૦૧ | ૧૭૨૫ |
| બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૭૦ |
| જુવાર | ૬૩૧ | ૧૫૨૫ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૩૩ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૮૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મઠ | ૧૨૦૧ | ૧૨૦૧ |

## શબ્દ સંજોગ-૨૨૭૧



**આડી ચાવી :**
(૧) કાપવુ કે કાતરવુ તે (૩)
(૩) કંકણ, કડું (૩)
(૬) એક પેટા ઋતુ (૩)
(૭) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૮) પાલખી ઉંચકનાર (૩)
(૧૦) મૂળ, ઉત્પતિ સ્થાન (૩)
(૧૪) સોનુ, પૈસો (૨)
(૧૫) દેવુ આપવાની અશક્તિ (૩)
(૧૬) એક તેજાનો (૨)
(૧૮) તાબે, શરણે (૨)
(૧૯) પવન, હવા (૧)
(૨૦) સમક્ષ (૩)
(૨૨) વસ્તુનો છેડો, કિનાર (૨)
(૨૪) પશુ-પંખીમાં સ્ત્રીજાત (૨)
(૨૫) લેખ, દસ્તાવેજ (૨)
(૨૬) ખેતરમાં જવા-આવવા માટે બે પાંખિયાવાળુ લાકડુ ધાલી કરવામાં આવતો રસ્તો (૪)
(૨૮) કરચલો (૩)
(૨૯) છોલેલી શેરડી કે સાંઠાનો કકડો (૩)

**ઉભી ચાવી :**
(૧) વહાણનો સુકાની ખલાસી (૩)
(૨) સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાસ (૩)
(૩) મૂળ પ્રદેશ કે ગામ (૩)
(૪) જોડકુ (૩)
(૫) એક રાશી (૩)
(૯) મોજુદ કે તૈયાર હોય તેવુ (૩)
(૧૧) ફાળ પડી હોય એવુ (૩)
(૧૨) ઉપદેશ, આજ્ઞા (૩)
(૧૩) સફેદ (૨)
(૧૪) એક ફળ (૪)
(૧૭) જન્મ આપનાર (૪)
(૧૮) એક હિંસક પ્રાણી (૨)
(૨૧) એક પક્ષી (૩)
(૨૨) એક જાતનુ દરિયાઈ જીવડાનુ ઘર (૨)
(૨૩) એક તંતુવાદ્ય (૩)
(૨૬) ઓછાપણુ, અપૂર્ણતા (૨)
(૨૭) માથુ, ડોકુ (૨)

## શબ્દ સંજોગ-૨૨૭૦ જવાબ

**આડી ચાવી** : (૧) ડચૂરો (૩) ચામાચીડિયુ (૬) મવાલી (૮) નસ (૯) લીન (૧૨) મિતિ (૧૩) લસણ (૧૫) અંદાજ (૧૯) માલેતુજાર (૨૨) તપ (૨૪) રૂઆબ (૨૫) નદ (૨૬) ડર (૨૭) નવ (૨૮) ડાઘો (૨૯) ઘા (૩૦) પોખરણ. **ઉભી ચાવી** : (૧) ડગલી (૨) રોમ (૩) ચાલી (૪) ચીન (૫) ડિસમિસ (૭) વાસેલ (૧૦) નર્મદા (૧૧) મોણ (૧૪) સલમાઆગા (૧૫) અંગત (૧૬) જરા (૧૭) લાતુ(તુલા) (૧૮) પારદ (૨૦) લેબ (૨૧) જાનવર (૨૩) પડધો (૨૭) નખ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી તેલ મિલ મંડળની બેઠકમાં નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી






અમરેલી,તા.૨૮

અમરેલી તેલ મિલ મંડળની એક મહત્વની બેઠક ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે ભુપતભાઈ મેતલીયા અને કાળુભાઈ ભંડેરીના પ્રમુખપદ હેઠળ યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ મેતલીયા અને ઉપપ્રમુખ કાંતિભાઈ વઘાસીયા નિવૃત્ત થતા નવી કારોબારી સમિતિના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. સર્વાનુમતે થયેલી નિમણૂંકમાં કનુભાઈ ગોજારીયાને સંસ્થાના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉપપ્રમુખ તરીકે ગોવિંદભાઈ ડોબરીયા, મંત્રી તરીકે પ્રવિણભાઈ ફીણાવા અને ખજાનચી તરીકે સંજયભાઈ દેસાઈની જવાબદારી સોંપવામાં આવી છે. આ બેઠકમાં જયવંતભાઈ ફીણાવા, વિનુભાઈ ડોબરીયા, ગુલાબભાઈ દુધાત, ચિરાગભાઈ ગજેરા, જયસુખભાઈ કાવઠીયા, સુભાષભાઈ કુકડીયા, સુરેશભાઈ ગોજારીયા,નાથાભાઈ ભંડેરી, બ્રિજેશભાઈ કુકડીયા, રાજેશભાઈ મેતલીયા, અનિલભાઈ મેતલીયા, જગદીશભાઈ ફીણાવા,અશોકભાઈ જાવીયા, મયંકભાઈ નવાપરીયા, ચિરાગભાઈ કાબરીયા, વિરલભાઈ કાબરીયા, પરશોતમભાઈ રૂડાણી, ભરતભાઈ કોઠીયા, બટુકભાઈ ઘાડીયા, બિજેન્દ્રભાઈ મેતલીયા, જેનીથભાઈ ફીણાવા, કીરીટભાઈ કાવઠીયા, જયભાઈ ફીણાવા, મનસુખભાઈ તળાવીયા, સંજયભાઈ રજોડીયા, વિરલભાઈ બોરસાણીયા, સાગરભાઈ ભંડેરી, ચંદુભાઈ મેતલીયા, હરેશભાઈ કડેવાલ, કાળુભાઈ શેરા, શૈલેન્દ્રસિંહ સરવૈયા, જયંતિભાઈ મેતલીયા, ભાવેશભાઈ ઉભડા, જીજ્ઞેશભાઈ વઘાસીયા, નિલેશભાઈ સાકરીયા, પિયુષભાઈ ડોબરીયા, પ્રફુલભાઈ કિરણ, ઘનશ્યામભાઈ માયાણી, તેજસભાઈ કુકડીયા, મિલનભાઈ ગોલ, મહેશભાઈ વિરપરા, રતીભાઈ ઘોરી, કિશોરભાઈ શેરા, બ્રિજેશભાઈ વિરપરા, અશોકભાઈ બાવળીયા સહિતના સંસ્થાના હોદ્દેદારો અને સભ્યો હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખે તમામ લોકોનો આભાર માન્યો હતો. અને કોઈપણ પ્રશ્નનું નિરાકરણ આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે તેવો સભ્યોને વિશ્વાસ કનુભાઈ ગોજારીયાએ આપ્યો હતો.

મંડળના તમામ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નવ નિયુક્ત પ્રમુખ કનુભાઈ ગોજારીયાએ તમામ સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે નવી કારોબારી સંસ્થા અને વેપારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. વેપારીઓના કોઈપણ પ્રશ્નો કે સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

**ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલી વાર્ષિક બેઠકમાં વડીલોના અધ્યક્ષસ્થાને નવી કારોબારીની રચના કરવામાં આવી**

## જાફરાબાદમાં BSNLની નબળી નેટવર્ક સેવાને લઈને ગ્રાહકોમાં રોષ

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં BSNL મોબાઈલ નેટવર્કની કથળેલી સેવાને લઈને ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા એકાદ માસથી BSNLના ટાવરોમાં ઈન્ટરનેટ સેવા યોગ્ય રીતે ચાલતી ન હોવાના કારણે ગ્રાહકોને મુશ્કેલી પડી રહી છે. અનેક વિસ્તારોમાં મોબાઈલ કવરેજ પણ યોગ્ય રીતે મળતું નથી અને ઈન્ટરનેટની સ્પીડ ખૂબ જ નબળી રહેતી હોવાની ફરિયાદો ઉઠી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ઓનલાઈન કામગીરી કરવામાં ગ્રાહકોને હાલાકી ભોગવવી પડે છે. ખાનગી કંપનીઓના મોંઘા રિચાર્જના કારણે લોકો BSNLના સસ્તા ટેરિફનો ઉપયોગ કરે છે, પરંતુ યોગ્ય નેટવર્ક ન મળતાં મુશ્કેલી વધી છે. ડિજિટલ યુગમાં ઓનલાઈન શિક્ષણ, બેન્કિંગ અને સરકારી સેવાઓ માટે ઈન્ટરનેટ જરૂરી બન્યું છે. તેથી BSNL તંત્ર દ્વારા ટાવરોની ટેકનિકલ તપાસ કરી નેટવર્ક અને ઈન્ટરનેટ સેવામાં સુધારો કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## કોડીનાર એસ.કે. સ્કૂલ પાસે બાઈકની અડફેટે મહિલાનું મોત

**દીકરીને સ્કૂલે મૂકીને ઘરે પરત ફરતી મહિલાને મોટરસાયકલે હડફેટે લેતા ગંભીર ઈજા, સારવાર દરમિયાન મોત**



કોડીનાર તા.૨૮

કોડીનાર શહેરમાં જૂના બસ સ્ટેન્ડ નજીક આવેલી એસ.કે. સ્કૂલ પાસે અકસ્માતની ઘટના બની હતી. જીન પ્લોટ વિસ્તારમાં રહેતા સવિતાબેન જીતેન્દ્રભાઈ ચુડાસમા (ઉં.વ.૪૫) દીકરીને સ્કૂલે મૂકીને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન રોણાજ રોડ તરફથી આવતી મોટરસાયકલે તેમને હડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક રા.ના. વાળા હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો. અકસ્માત અંગે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટના બાદ સ્કૂલ નજીક ટ્રાફિક નિયમોના કડક અમલની માંગ ઉઠી છે.

## ધારી વન વિભાગ દ્વારા વગર પરમિશને લાકડાંનું પરિવહન કરતો ટ્રક ઝડપાયો


તસવીર : સંજય વાળા

ધારી,તા.૨૮

ધારી વન વિભાગ હેઠળ દલખાણીયા રેન્જના આર.એફ.ઓ. રાત્રી પેટ્રોલિંગમાં હતા, તે સમયે લાકડાં ભરેલો એક શંકાસ્પદ ટ્રક ત્યાંથી પસાર થયો હતો. વન વિભાગની ટીમે ટ્રકને રોકીને અંદર ભરેલા લાકડાં અને તેના પરિવહનની પરમિટ અંગે પૂછપરછ કરી હતી. પરંતુ, ટ્રક ડ્રાઈવર કોઈ યોગ્ય કે સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. બિનઅધિકૃત રીતે લાકડાંની હેરાફેરી થતી હોવાનું જણાતાં વન વિભાગે ટ્રક જપ્ત કર્યો છે અને વન સંબંધી કાયદાની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ટીંબીની માનવસેવા હોસ્પિટલમાં કરોડરજ્જુના ફેક્ચરની સફળ સર્જરી



ટીંબી, તા.૨૮

ટીંબી સ્થિત સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ખાતે ૩૮ વર્ષીય યોગેશપરી ગોસ્વામીના L1 કરોડરજ્જુના ફેક્ચરની સફળ સર્જરી કરવામાં આવી હતી. દર્દી ૭ ફૂટ ઊંચાઈ પરથી પડી જતાં કરોડરજ્જુમાં ફેક્ચર થયું હતું. Spine Surgeon ડો.ધ્રુમીલ પટેલ (MS Orthopedics) દ્વારા Minimally Invasive Spine Surgery પધ્ધતિથી 3-Level Fixation કરવામાં આવ્યું હતું. સર્જરી દરમિયાન મોટા ચીરા કર્યા વિના આસપાસના મસલ્સને ઓછામાં ઓછું નુકસાન થાય તે રીતે ન્યૂનતમ ચીરા અને ટાંકા સાથે સારવાર કરવામાં આવી હતી. દર્દીને સર્જરી દરમિયાન બ્લડ પ્રેશરની ગંભીર સમસ્યા હોવાથી Anesthetist ડો.મિહીર પટેલ દ્વારા સતત દેખરેખ રાખી યોગ્ય સંચાલન કરવામાં આવ્યું હતું. સર્જરીમાં ડો. ઋત્વિક (Medical Officer) તથા ડાભી નાનુભાઈ (OT Assistant)નો પણ સહયોગ રહ્યો હતો. આ પ્રકારની સર્જરીનો અન્યત્ર અંદાજે રૂ.૪ લાખ સુધીનો ખર્ચ થઈ શકે છે, પરંતુ હોસ્પિટલમાં આ સર્જરી સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવી હતી.

## કોડીનાર તાલુકાનો ડોળાસા-ઝાંઝરિયા રોડ ન બનતા ગ્રામજનો રસ્તા પર ઉતર્યા

**વર્ષોથી રોડની માંગ છતાં કામગીરી શરૂ ન થતાં ગ્રામજનોમાં રોષ, બેનરો સાથે વિરોધ કરી તાત્કાલિક રોડ બનાવવાની માંગ**


તસવીર : કૈલેશ ભટ્ટ

કોડીનાર,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ડોળાસાથી ઝાંઝરિયા ગામને જોડતો રોડ વર્ષોથી ન બનતા ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો બેનરો સાથે રસ્તા પર ઉતરી આવી રોડ બનાવવાની માંગ કરી હતી. આ રોડ બે ગામ ઉપરાંત આસપાસના ૮થી ૧૦ ગામોને જોડે છે. રોડ બનવાથી બે તાલુકા વચ્ચે અવરજવર સરળ બની શકે છે. રોડના અભાવે વિદ્યાર્થીઓ, દર્દીઓ અને ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગ્રામજનોએ જિલ્લા પંચાયત, કલેક્ટર, ધારાસભ્ય અને મંત્રીઓ સમક્ષ અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં કામગીરી શરૂ થઈ નથી. જો તાત્કાલિક રોડનું કામ શરૂ નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.

## અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ સંકુલમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૨૮

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ કોલેજ હોસ્ટેલ, અમરેલી ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા અને સાંસ્કૃતિક વારસાને સુંદર અભિવ્યક્તિ આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા પ્રાચીન-અર્વાચીન ગરબા, પંજાબી ડાન્સ, ફી રાસ, ડાકલા, નાટક, મિમિક્રી, આદિવાસી નૃત્ય તેમજ પહાડી નૃત્ય સહિતની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ મંચ પર રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ મનમોહક રજૂઆતોને ત્યાં ઉપસ્થિત તમામ લોકોએ તાળીઓના ગડગડાટથી ઉત્સાહભેર વધાવી લીધી હતી.

## ઘાંટવડ ગામની કેનાલમાંથી મહાકાય મગરનું રેસ્ક્યુ



કોડીનાર, તા.૨૮

ઘાંટવડની કેનાલમાં મહાકાય મગર દેખાતા ગ્રામજનોમાં ચકચાર મચી હતી. જાગૃત નાગરિક સુરેશભાઈ બાબરીયાએ વન વિભાગને જાણ કરતા ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. રાઉન્ડ ફોરેસ્ટ એમ.જી. દમણીયા, ફોરેસ્ટ ગાર્ડ એન.ટી. રમણાભાઈ તથા ટ્રેકરો રાજુભાઈ, ધર્મેશભાઈ, દિનેશભાઈ અને મહેશભાઈની ટીમે ભારે જહેમત બાદ મગરનું સફળ રેસ્ક્યુ કર્યું હતું. છેલ્લા બે મહિનામાં કેનાલમાંથી ચાર મહાકાય મગરનું રેસ્ક્યુ કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

## ૧૮ દિવસમાં જાફરાબાદના કાગવદર ગામે પવનચક્કીની વીજલાઈનમાં ત્રીજા મોરનું મોત


તસવીર :બાબુ વાઢેળ

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે વિંના એનર્જી કંપનીની પવનચક્કીની વીજલાઈનમાં ફરી રાષ્ટ્રીય પક્ષી મોરના મોતની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ વીજલાઈનમાં આવી જતા કરંટ લાગવાથી મોરનું મોત થયું હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત મોરને વધુ તપાસ અને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. અગાઉ ભટવદર વિસ્તારમાં બે મોરના મોત બાદ ૧૮ દિવસમાં ત્રીજા મોરના મોતથી પર્યાવરણપ્રેમીઓમાં રોષ જોવા મળ્યો છે. વીજલાઈનોની સઘન તપાસ કરી પક્ષીઓની સુરક્ષા માટે કાયમી વ્યવસ્થા કરવા ગામલોકોએ માંગ કરી છે.

## આશાપુરા મા (ગાધકડા) જૈન હોસ્પિટલમાં સેવાભાવીઓનું સન્માન કરવામાં આવ્યું


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલામાં સમન્વય ધ્યાન સાધના કેન્દ્ર સંચાલિત શ્રી આશાપુરા મા (ગાધકડા) જૈન હોસ્પિટલમાં આજે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હાજર રહ્યા હતા. આ પ્રસંગે સમાજસેવા અને માનવસેવાના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર મહાનુભાવોનું સન્માન કરાયું હતું. સેવાભાવી વ્યક્તિઓના યોગદાનને બિરદાવવાનો આ કાર્યક્રમ સૌ માટે પ્રેરણાદાયી બન્યો હતો. મહેશભાઈ કસવાલાએ સેવાભાવી મહાનુભાવોના કાર્યોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આવા સેવાકીય કાર્યો સમાજ માટે પ્રેરણારૂપ બને છે.

## અમરેલીની ગજેરા કેમ્પસમાં કલા અને સાંસ્કૃતિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા સ્પર્ધાનું આયોજન



અમરેલી,તા.૨૮

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલા અને સાંસ્કૃતિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં KG, પ્રાથમિક, ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ, મિશ્ર માધ્યમ તેમજ જ્ઞાનશક્તિ સહિતના વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભજન, સુગમ સંગીત, દોહા-છંદ તેમજ પ્રાચીન અને અર્વાચીન ગરબાની મનમોહક રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં લેખનકૌશલ્ય અને સુંદર અક્ષરલેખન વિકસે તે માટે સુલેખન સ્પર્ધા યોજાઈ હતી. નાના ભૂલકાંથી લઈને મોટા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. ગજેરા કેમ્પસ દ્વારા શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને મહત્વ આપવામાં આવે છે. આ પ્રસંગે પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, દરેક બાળકમાં વિશેષ પ્રતિભા રહેલી હોય છે અને તેને યોગ્ય મંચ મળવો જરૂરી છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે આનંદ અને ગૌરવની ક્ષણ બની રહ્યો હતો.


**લીલીયાના મહે. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા**

ફોજદારી પરચુરણ અરજ નં.૫૮/૨૬
મુદત તારીખ :૧૩/૧૦/૨૦૨૬

અરજદાર : જયંતીલાલ રવજીભાઈ કાછડીયા, ઉ.વ.૬૩
મુ.સલડી તા.લીલીયા જી.અમરેલી

**વિરૂધ્ધ :-**

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ અધિકારીશ્રી–ભોરીગંડા
મુ.સલડી, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલઃ શ્રી એસ.બી.વોરા

**જાહેર નોટીસ**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા એ અરજદાર જયંતીલાલ રવજીભાઈ કાછડીયા રહે. મુ.સલડી તા.લીલીયા જી.અમરેલી વાળાએ તેમના પુત્ર અશોકકુમાર જયંતીલાલ કાછડીયાની જન્મ તારીખ ૧૫/૧૨/૧૯૮૮ના રોજ તેઓના ઘરે સલડી મુકામે થયા અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૧૩/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આપ્યા. આજ રોજ તારીખ ૨૫ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી

તૈયાર કરનારા
સહી
(એસ.જે.મકવાણા)
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી
(જે.પી.મકવાણા)
બેન્ચ કલાર્ક

હુકમથી
સહી
(જે.પી.મકવાણા)
(ઈ.ચા) રજીસ્ટાર
જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

# અમરેલી એલ.સી.બી. દ્વારા રૂ. ૫.૫૧ લાખના મુદ્દામાલ અને ૨૨૯ બોટલ વિદેશી દારૂ સાથે બે ઈસમો ઝડપાયા



અમરેલી,તા.૨૮

અમરેલી એલ.સી.બી. દ્વારા દારૂબંધી અંગે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત એલ. સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલાની આગેવાની હેઠળની ટીમે અમરેલી-લાઠી બાયપાસ ચોકડી પાસે સફળ વોચ ગોઠવી હતી. પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ફોરવ્હીલ કારમાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરફેર કરી રહેલા બે આરોપીઓ, દિલીપ ભાઈ છગનભાઈ મોકરીયા (રહે. જૂનાગઢ) અને રમેશભાઈ વશરામભાઈ એરડા (રહે. કેશોદ)ને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૨૨૯ બોટલો (કિંમત રૂ. ૧,૫૧,૦૬૭/-) અને એક મારૂતિ સુઝુકી એસ-ક્રોસ કાર (કિંમત રૂ. ૪,૦૦,૦૦૦/-) મળીને એકંદર રૂ. ૫,૫૧,૦૬૭/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

# શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૧,૧૨૪ અને નિફ્ટી ૩૬૦ પોઈન્ટ ગગડ્યા



મુંબઈ, તા.૨૮

ભારતીય શેરબજારમાં સોમવારે ભારે વેચવાલી જોવા મળી હતી. વધતા અમેરિકા-ઈરાન તણાવ, ક્રૂડ ઓઈલના વધતા ભાવ, ઊંચી અમેરિકી બોન્ડ યીલ્ડ અને વિદેશી રોકાણકારોની વેચવાલીએ બજાર પર દબાણ વધાર્યું હતું. સેન્સેક્સ ૧,૧૨૪.૦૨ પોઈન્ટ એટલે કે ૧.૫૨ ટકા ઘટીને ૭૨,૭૭૧.૭૨ પર, જ્યારે નિફ્ટી ૩૬૦.૨૫ પોઈન્ટ એટલે કે ૧.૫૬ ટકા ઘટીને ૨૨,૭૮૦.૨૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સના ૩૦માંથી ૨૯ શેર નુકસાનમાં બંધ થયા હતા. એલએન્ડટી અને પાવર ગ્રીડમાં આશરે ત્રણ ટકા ઘટાડો નોંધાયો હતો. અદાણી પોર્ટ્સ, એચડીએફસી બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એસબીઆઈ પણ દબાણમાં રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સ ત્રણ ટકાથી વધુ ઘટ્યો હતો. ક્રૂડ ઓઈલનો ભાવ ૧૦૭ ડોલરની આસપાસ પહોંચતાં ફુગાવા અને કોર્પોરેટ ખર્ચ અંગે ચિંતા વધી હતી. અમેરિકા-ઈરાન તણાવને કારણે હોર્મુઝ જળમાર્ગમાંથી પુરવઠા અંગેની ચિંતા પણ વધી છે.

# 'ભારત માતા કી જય'ના નારા સાથે બલૂચ યુવતીએ ભારત પાસે મદદ માંગી

નવી દિલ્હી, તા.૨૮

બલૂચિસ્તાનની આઝાદી માટે અવાજ ઉઠાવતી ૧૪ વર્ષીય ફરાહ બલોચે ભારત પાસે મદદની અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા વીડિયોમાં ફરાહ તેની માતા સાથે ત્રિરંગો હાથમાં લઈને 'ભારત માતા કી જય' અને 'નમસ્તે હિન્દુસ્તાન'ના નારા લગાવતી જોવા મળે છે. ફરાહે બલૂચિસ્તાનના લોકોનો અવાજ બનવા અને તેમને સમર્થન આપવા ભારત તથા વિશ્વને અપીલ કરી છે. વીડિયોમાં તેણે પાકિસ્તાન સરકાર અને સેનાના અત્યાચારના આક્ષેપો પણ કર્યા છે. ફરાહનું સોશિયલ મીડિયા એકાઉન્ટ અગાઉ ૧૫ ઓગસ્ટે ભારતીયોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવતા વીડિયો બાદ ચર્ચામાં આવ્યું હતું. બલૂચ કાર્યકરો લાંબા સમયથી ભારત સહિત આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન બલૂચિસ્તાનના મુદ્દા તરફ દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે પટણામાં જન આક્રોશ માર્ચ, બેરિકેડ તોડતાં પોલીસ સાથે ઘર્ષણ



પટણા, તા.૨૮

પટણામાં સોમવારે વિવિધ જન સંગઠનોના કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે જન આક્રોશ માર્ચ યોજી હતી. ગાંધી મેદાનના ગેટ નંબર-૧૦થી શરૂ થયેલી માર્ચ રાજભવન તરફ આગળ વધી રહી હતી. પ્રદર્શનકારીઓએ યુસીસી બિલના વિરોધ સહિત ખેડૂતોની જમીન સંપાદનના મુદ્દે પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. માર્ચને રોકવા માટે પોલીસે જેપી ગોલંબર પાસે બેરિકેડ ગોઠવ્યા હતા. જોકે, કેટલાક પ્રદર્શનકારીઓ બેરિકેડ પર ચઢી ગયા હતા અને બાદમાં તેને તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેમને રોકતાં બંને પક્ષ વચ્ચે ધક્કામુક્કી અને નોકઝોક થઈ હતી. જેના પગલે સ્થળ પર થોડા સમય માટે તંગદિલી સર્જાઈ હતી. પ્રદર્શનકારીઓએ કેન્દ્ર અને બિહાર સરકાર વિરુધ્ધ પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે સ્થળ પર વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી માર્ચને આગળ વધતી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

# દિલ્હીમાં શિયાળાના પ્રદૂષણને રોકવા રાજ્ય સરકારે બાંધકામ પર પ્રતિબંધ લગાવ્યો

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હી સરકારે શિયાળામાં વધતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે અનેક પગલાં જાહેર કર્યા છે. ૧ નવેમ્બર, ૨૦૨૬થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી ધૂળ ફેલાવતી ડિમોલિશન અને બહારની સિવિલ બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ રહેશે. ૧૦ ડિસેમ્બરથી ૨૦ જાન્યુઆરી સુધી બાંધકામ અને ડિમોલિશન પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ૧ નવેમ્બરથી ૨૮ ફેબ્રુઆરી સુધી સરકારી અને ખાનગી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓ ઘરેથી અને ૫૦ ટકા કર્મચારીઓ ઓફિસમાંથી કામ કરશે. આ ઉપરાંત, એમસીડી હેઠળની કચેરીઓ સવારે ૮:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી, જ્યારે અન્ય સંબંધિત કચેરીઓ સવારે ૧૦થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. પ્રદૂષણ અને ટ્રાફિક ઘટાડવા માટે ૧ નવેમ્બરથી ૨૮ ફેબ્રુઆરી સુધી અધિકૃત પાર્કિંગ સ્થળોની ફી બમણી કરવામાં આવશે.

# યુપીઆઈ વ્યવહારો પર એમડીઆર વસૂલવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સ્ટે આપવાનો ઈનકાર




નવી દિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે રૂ.૨,૦૦૦થી વધુના યુપીઆઈ વ્યવહારો માટે વેપારીઓ પાસેથી મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) વસૂલવાના નિર્ણય પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. જોકે, કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર, ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ), નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) અને યુપીઆઈ સ્ટીયરિંગ કમિટીને નોટિસ પાઠવી છે અને ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. આ નિર્ણયને પડકારતી અરજી વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવી હતી. અરજીમાં એમડીઆર સંબંધિત ૧૪ ડિસેમ્બરના નોટિફિકેશન અને ૧૫ સપ્ટેમ્બરના ફ્રેમવર્કને રદ કરવાની માંગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્રને પૂછ્યું હતું કે યુપીઆઈ વ્યવહારો પર વસૂલાતી એમડીઆર ફી કર છે કે અન્ય પ્રકારની ફી. સરકારના પ્રસ્તાવ મુજબ, રૂ.૨,૦૦૦ સુધીના યુપીઆઈ વ્યવહારો મફત રહેશે, જ્યારે તેનાથી વધુના વ્યવહારો પર વેપારીઓ પાસેથી ૦.૪ ટકા એમડીઆર વસૂલવાની જોગવાઈ છે. સામાન્ય યુપીઆઈ ખાતા ધરાવતા બે વ્યક્તિઓ વચ્ચેના વ્યવહારો પણ મફત રહેશે. નવી વ્યવસ્થા ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવવાની છે.

# અમરેલી કોર્ટ દ્વારા ખોટો કલેઈમ કેસ કરનાર વકીલ અને અરજદારનો નિર્દોષ છુટકારો કરાવતા ઉદયન ત્રિવેદી



અમરેલી,તા.૨૮

અમરેલીમાં અકસ્માત થયેલ ન હોવા છતાં ગુન્હાહિત ઈરાદે એમ.એ.સી.ટી. કોર્ટમાં એસ.ટી. ડીવીઝન સામે ખોટો કલેઈમ કેસ દાખલ કરવા બદલ એડવોકેટ રામભાઈ ભીખાભાઈ કમાણી અને અરજદાર ચીમનભાઈ છગનભાઈ કાછડીયા સામે રાજકોટ ઝોન પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૪૬૭, ૧૨૦(બી) મુજબ ગુનો નોંધાયો હતો. તપાસ અધિકારી એમ. એ. ખોખરે કાવતરૂ રચી ખોટા દસ્તાવેજો અને રબ્બર સ્ટેમ્પ ઉભા કરવા બાબતે જીણવટપુર્વક તપાસ કરી ચાર્જશીટ રજૂ કર્યુ હતું. કેસ ચાલવા દરમિયાન તમામ સરકારી સાહેદો અને પોલીસ અધિકારીઓની ઉલટતપાસ કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષ પુરતા પ્રયત્નો છતાં આરોપીઓ સામેનો કેસ સાબિત કરી શક્યો ન હતો. આથી અમરેલીના ચીફ જ્યુડી. મેજી. એસ.આર. વકાલીયાએ બંને આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં એડવોકેટ રામભાઈ કમાણી તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી અને ચીમનભાઈ તરફે એડવોકેટ કે.બી. પંડયા રોકાયેલા હતા.

# દિલ્હી-એનસીઆરના ગેંગરેપ કેસોની સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લીધી



નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં તાજેતરના બળાત્કારના કેસો તેમજ સ્લીપર બસમાં સગીરા પર થયેલા કથિત જાતીય હુમલાની ઘટનાની સુઓમોટો નોંધ લીધી છે. ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે જાહેર સ્થળોએ મહિલાઓ અને બાળકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે આવી ઘટનાઓ કાયદા અમલીકરણ અને જાહેર વહીવટી તંત્રની પ્રણાલીગત ખામીઓ તરફ ધ્યાન દોરે છે. કોર્ટે લાઈટિંગ, દેખરેખ અને અન્ય સુવિધાઓના અભાવ અંગે પણ સવાલ ઉઠાવ્યા હતા. ઘટનાને ૨૦૧૨ના નિર્ભયા કેસ સાથે સાંકળીને કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

# તમિલનાડુમાં મહિલાઓને વ્યવસાય માટે રૂ.૧૦ લાખથી રૂ.૫ કરોડ સુધીની લોન

ચેન્નાઈ, તા.૨૮

તમિલનાડુ સરકારે પોતાનો વ્યવસાય શરૂ કરવા અથવા તેનો વિસ્તાર કરવા ઈચ્છતી મહિલાઓ માટે નવી લોન યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ મહિલાઓને રૂ.૧૦ લાખથી રૂ.૫ કરોડ સુધીની લોન મળી શકશે. રાજ્યના ૨૩૪ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેકમાં ૧૦ સંભવિત મહિલા ઉદ્યોગસાહસિકોને ઓળખવા ધારાસભ્યોને સૂચના આપવામાં આવી છે. આ રીતે કુલ ૨,૩૪૦ સંભવિત અરજદારોનો પ્રારંભિક સમૂહ તૈયાર થશે. લોન તમિલનાડુ ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન દ્વારા આપવામાં આવશે અને તેના પર વાર્ષિક ૯.૯૫ ટકા વ્યાજ લાગશે. લોનની ચુકવણી માટે મહત્તમ નવ વર્ષનો સમય મળશે. જોકે, ધારાસભ્ય દ્વારા નામ રજૂ કરવાથી આપમેળે લોન મંજૂર થશે નહીં. ઉદ્યોગ વિભાગ દ્વારા અરજદારોની પાત્રતા અને દરખાસ્તની ચકાસણી બાદ લોનની રકમ નક્કી કરવામાં આવશે.

# ઉદયપુરમાં રૂ. ૨ કરોડની લાંચ લેતા કથિત દલાલ ઝડપાયો, એસીબીની કાર્યવાહી



ઉદયપુર, તા.૨૮

રાજસ્થાનના ઉદયપુરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી)એ એસઓજીના એડિશનલ એસપી મુકેશ કુમાર સોનીના નામે રૂ.૨ કરોડની કથિત લાંચ લેતા સજ્જન કુમાર નામના વ્યક્તિની ધરપકડ કરી છે.

એસીબીએ તેને લાંચ સ્વીકારતી વખતે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, એક કેસમાં મદદ અને રાહત અપાવવાના બદલામાં આ રકમ માંગવામાં આવી હતી. સમગ્ર મામલે એસીબી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# યમન પર થયેલા હવાઈ હુમલામાં મહિલાઓ સહિત ૭ના મોત, ૪૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત

**તાઇઝ પ્રાંતના બજારની દુકાનોને નિશાન બનાવ્યાનો દાવો, મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ**



નવી દિલ્હી,તા.૨૮

યમનમાં રવિવારે થયેલા એક હવાઈ હુમલામાં ૭ લોકોનાં મોત થયા છે, જ્યારે ૪૦ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. હૂતી આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. હુમલામાં તાઈઝ પ્રાંતના એક બજારમાં આવેલી દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. રોયટર્સના અહેવાલ મુજબ, યમન સરકારે જણાવ્યું છે કે તેની સેનાએ હૂતી લશ્કરી કેમ્પ અને વાહનોને નિશાન બનાવીને આ હુમલો કર્યો હતો. યમન સરકારના સૂત્રોને ટાંકીને રોયટર્સે જણાવ્યું કે, હૂતી બળવાખોરોએ તાજેતરમાં બજારની નજીક એક લશ્કરી કેમ્પ બનાવ્યો હતો. જેના કારણે આ વિસ્તારમાં તણાવ વધ્યો હોવાનું માનવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિનામાં ફરી વેગ પકડેલા યમન સંઘર્ષમાં નાગરિકો સહિત ૭૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત સપ્ટેમ્બરની શરૂઆતથી અત્યાર સુધીમાં યમનમાં ૮૨ હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ઘટનાને પગલે વિસ્તારમાં ચિંતા વધી છે.

# સિંધુ જળ સંધિ પર પાકિસ્તાનની યુધ્ધની ધમકીઓથી ભારત પર અસર નહીં થાય: અબ્દુલ બાસિત



ઈસ્લામાબાદ, તા. ૨૮

સિંધુ જળ સંધિ મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ હાઈ કમિશનર અબ્દુલ બાસિતે શાહબાઝ શરીફ સરકારને કાશ્મીર અને સિંધુ જળ સંધિ અંગેના વલણ પર પુનર્વિચાર કરવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન વારંવાર ભારતને ધમકીઓ આપી રહ્યું છે, પરંતુ આ ધમકીઓની ભારત પર કોઈ અસર થવાની નથી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ૨૫ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સંબોધન દરમિયાન કહ્યું હતું કે પાકિસ્તાનના હિસ્સાનું સિંધુ નદીનું પાણી રોકવા, અટકાવવા અથવા વાળવાના કોઈપણ પ્રયાસને 'યુધ્ધનું કૃત્ય' ગણવામાં આવશે. તેમણે સિંધુ નદી પ્રણાલીને પાકિસ્તાન અને સમગ્ર પ્રદેશ માટે જીવનરેખા ગણાવી હતી. આ નિવેદન અંગે અબ્દુલ બાસિતે કહ્યું કે શાહબાઝ શરીફ સિંધુ જળ સંધિ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરી રહ્યા છે, પરંતુ ભારત પોતાના હિત મુજબ આગળ વધશે. તેમના જણાવ્યા મુજબ, ભારતે સિંધુ જળ સંધિ સંબંધિત અગાઉ શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામ કરવાનું ચાલુ રાખ્યું છે. બાસિતે એમ પણ કહ્યું કે પાકિસ્તાને માત્ર ધમકીઓ આપવાને બદલે સિંધુ જળ સંધિ અંગે લાંબા ગાળાની વ્યૂહરચના ઘડવી જોઈએ. તેમણે કાશ્મીર મુદ્દે પણ કહ્યું કે પાકિસ્તાન લાંબા સમયથી એક જ વલણ રજૂ કરી રહ્યું છે, પરંતુ તેનો આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ પ્રભાવ પડતો નથી. સિંધુ જળ સંધિ અંગે બંને દેશોના વલણમાં મતભેદ યથાવત્ છે.

# રાજયમાં આંધી-તોફાન સાથે વરસાદ પડશે : હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ

અમદાવાદ,તા.૨૮



ચોમાસાની વિદાય ટાણે જ દેશ સહિત ગુજરાતમાં મેઘરાજા ફરી ધમાકેદાર ઈનિંગ રમી શકે છે. હવામાન ક્ષેત્રે બંગાળની ખાડીમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશન અને સાયક્લોનિક સરક્યુલેશનના કારણે ભેજયુક્ત પવનો સક્રિય થયા છે, જેનાથી આગામી સમયમાં ભારે આંધી-તોફાન સાથે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી મુજબ, ૩૦ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર દરમિયાન 'હાથિયો' નક્ષત્રમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના પાટણ, સમી, હારીજ, બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજસ્થાનને અડીને આવેલા વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે.

આ ઉપરાત, ૧૦ ઓક્ટોબરથી સૂર્ય ચિત્રા નક્ષત્રમાં પ્રવેશતાં નવરાત્રીના આરંભમાં વાદળછાયું વાતાવરણ અને છૂટોછવાયો વરસાદ પડી શકે છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ભેજના કારણે દક્ષિણ ગુજરાત તથા અન્ય ભાગોમાં છઠ્ઠા નોરતાથી દશેરા સુધી વરસાદ નવરાત્રીનો રંગ બગાડે તેવી પૂરી શક્યતા દર્શાવાઈ છે.

# અમેરિકા જવા નીકળેલા ગુજરાતી યુવક-યુવતીઓનું ઈથોપિયામાં અપહરણ

અમદાવાદ,તા.૨૮



અમેરિકા જવા નીકળેલા એક ગુજરાતી યુવક અને બે યુવતીઓનું ઈથોપિયામાં અપહરણ થયું હોવાની ઘટના સામે આવી છે. પરિવારજનો પાસેથી રૂ.૧ કરોડની ખંડણી માગવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અપહરણ કરાયેલા યુવકનું નામ ઋત્વિક શૈલેષભાઈ જનસરી છે. ૨૩ વર્ષીય ઋત્વિક મહેસાણાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. જ્યારે મમતા ચિરાગ ભાઈ ચાવડા નામની ૩૦ વર્ષીય યુવતી મૂળ મહેસાણાની છે અને હાલ અમદાવાદમાં રહે છે. બંનેને મહેસાણાના અલ્પેશ પટેલ નામના એજન્ટે અમેરિકા મોકલ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. તેઓ ૨૦ સપ્ટેમ્બરે ગુજરાતથી નીકળી પહેલા જયપુર અને ત્યારબાદ એતિહાદની ફ્લાઈટ મારફતે અબુધાબી પહોંચ્યા હતા. એ જ દિવસે ઈથોપિયાની રાજધાની એડિસ અબાબા પહોંચ્યા હતા. અહીં સ્વાઝીલેન્ડ સ્ટ્રીટ ખાતે આવેલા **GSF** ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. તેમનું બુકિંગ ૨૦થી ૨૯ સપ્ટેમ્બર સુધીનું હતું. ઈથોપિયાના ઈ-વિઝા પણ લીધા હતા. એડિસ અબાબામાં એજન્ટોએ તેમનું અપહરણ કર્યું હોવાનો આક્ષેપ છે.

# રાજકોટમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારમાં પોલીસે રેઈડ કરી ૪ યુવતીઓને મુક્ત કરાવી

રાજકોટ,તા.૨૮

રાજકોટના મવડી ચોક પાસે આવેલા 'મુન લાઈફ ફેમિલી વેલનેસ સ્પા'માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (**AHTU**) એ દરોડો પાડી સ્પાની આડમાં ચાલતા કથિત દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ડમી ગ્રાહક મોકલી હાથ ધરેલી કાર્યવાહી દરમિયાન ૪ યુવતીઓને મુક્ત કરાવી હતી અને રૂ. ૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તપાસમાં સામે આવ્યું કે ગ્રાહકો પાસેથી રૂ. ૧,૦૦૦ એન્ટ્રી ફી અને 'એક્સ્ટ્રા સર્વિસ'ના નામે રૂ. ૨,૫૦૦ અલગથી વસૂલવામાં આવતા હતા.

આ મામલે રાજકોટ તાલુકા પોલીસે ઈમોરલ ટ્રાફિકિંગ એક્ટ હેઠળ હર્ષ રાજદેવ, અલ્કા અને ધ્રુવ રાજદેવ સામે ગુનો નોંધ્યો છે. જે પૈકી ધ્રુવ રાજદેવને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સુરતના અમરોલીમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે મારામારી અને પથ્થરમારો થતા ૭ થી વધુ ઈજાગ્રસ્ત, પાંચની અટકાયત

સુરત,તા.૨૮



સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા જૂના કોસાડ રોડ પરની મનીષા સોસાયટીમાં ૨૭ સપ્ટેમ્બરની રાત્રે જૂની અદાવત અને મકાન પચાવી પાડવાના વિવાદને કારણે બે જૂથ વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી. હથિયારો અને પથ્થરો સાથે સોસાયટીમાં ઘૂસેલા અસામાજિક તત્વોએ મચાવેલી ધમાલના કારણે ૭ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ મામલે સંજય વરિયા અને આર્યન રબારી દ્વારા સામસામી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધીને રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે અને અત્યાર સુધીમાં ૫ જેટલા આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાનો વિડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના આધારે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# આણંદમાં મહી કેનાલમાં ફૂલ પધરાવવા જતાં દંપતીનું ડૂબી જવાથી કરૂણ મોત

આણંદ,તા.૨૮



આણંદના લીંગડા નજીક મહી કેનાલમાં પૂજાના ફૂલ પધરાવવા ગયેલા દંપતીનું ડૂબી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. દીકરીની નજર સામે જ પતિનો પગ લપસતાં તેઓ પાણીમાં ખાબક્યા હતા, જેમને બચાવવા જતાં પત્ની પણ તણાઈ ગયાં હતાં.

ઘટનાની જાણ થતાં જ ઉમરેઠ ફાયર બ્રિગેડ અને ભાલેજ પોલીસે શોધખોળ હાથ ધરી હતી. ડાહ્યાપુરા નજીકથી બંનેના મૃતદેહ મળી આવતા પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચમાં SIR મુદ્દે કોંગ્રેસનું ઉગ્ર વિરોધ પ્રદર્શન, મુમતાઝ પટેલ સહિતના કાર્યકરોની અટકાયત

ભરૂચ,તા.૨૮



ભરૂચમાં મતદાર યાદીની સ્પેશિયલ સમરી રિવિઝન (**SIR**) પ્રક્રિયાના વિરોધમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના દેશવ્યાપી આહ્વાન હેઠળ યોજાયેલા આ વિરોધમાં કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે સરકાર અને ચૂંટણી પંચ વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ પ્રદર્શનમાં સ્વર્ગીય અહેમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલ અને જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા સહિતના આગેવાનો જોડાયા હતા. કલેક્ટર કચેરી તરફ આગળ વધતા કાર્યકરોને પોલીસે બેરિકેડિંગ કરીને રોકતા પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

સ્થિતિ નિયંત્રણમાં લેવા પોલીસે મુમતાઝ પટેલ સહિતના નેતાઓની અટકાયત કરી 'એ' ડિવિઝન પોલીસ મથકે ખસેડ્યા હતા. જેલમુક્ત થયા બાદ મુમતાઝ પટેલે **SIR** પ્રક્રિયા સામે સવાલો ઉઠાવી લોકશાહીના રક્ષણ માટે લડત ચાલુ રાખવાની ચીમકી આપી હતી.

# ગાંધીનગર મનપા ચૂંટણીના ફોર્મ ચકાસણીની અંતિમ તારીખે રાજકીય ગરમાવો, ઉમેદવારોના ફોર્મ રદ થતાં ખળભળાટ

ગાંધીનગર,તા.૨૮



ગાંધી નગર મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ૨૮ સપ્ટેમ્બરે ઉમેદવારી ફોર્મની સ્ક્રૂટિની (ચકાસણી) દરમિયાન અનેક ઉમેદવારોના ફોર્મ રદ થતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ક્ષતિઓ અને શરતો પૂરી ન થવાના કારણે ચૂંટણી અધિકારીઓએ આ આકરા નિર્ણયો લીધા છે.

ચકાસણી દરમિયાન વોર્ડ નંબર ૫ માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર જીતેન્દ્રસિંહ ચૌહાણનું ફોર્મ પક્ષનું મેન્ડેટે અને ટેકેદારની સહી ન હોવાના કારણે રદ કરાયું હતું. આ ઉપરાંત વોર્ડ નંબર ૬ ના યુથ ઈન્ડિયા પીસ પાર્ટીના ઉમેદવાર કાજલ મકવાણાનું પણ ફોર્મ રદ થયું છે. જ્યારે 'આપ'ના વોર્ડ નંબર ૧૦ ના ઉમેદવાર હાર્દિક તલાટીને વિગતો જાહેર કરવા નોટિસ પાઠવવામાં આવી છે.

ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ મુદત બાદ ચૂંટણી લડતા ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે. ઉલ્લેખનીય છે કે ૧૧ ઓક્ટોબરે મતદાન યોજાશે.

# રાપરના ફતેહગઢ ગામમાં દારૂબંધી અંગે ઐતિહાસિક નિર્ણય: વેચાણ અને સેવન પર ભારે દંડ ફટકારાશે

ભૂજ,તા.૨૮



કચ્છના રાપર તાલુકાના ફતેહગઢ ગામમાં ગ્રામજનોએ એકઠા થઈને ગામને દારૂમુક્ત કરવાનો સર્વાનુમતે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. યુવાનોને વ્યસનથી દૂર રાખવા અને સ્વસ્થ સામાજિક વાતાવરણ ઊભું કરવાના હેતુથી કડક નિયમો ઘડવામાં આવ્યા છે.નવા નિયમ મુજબ ગામમાં દારૂનું વેચાણ કરતા પકડાનાર વ્યક્તિને રૂ. ૨૧,૦૦૦ અને સેવન કરતા વ્યક્તિને રૂ. ૧,૧૦૦નો દંડ ફટકારવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દંડ ભરવાનો ઈનકાર કરશે, તો તેની સાથે સામાજિક વ્યવહાર બંધ કરવાનો પણ નિર્ણય કરાયો છે.

# ચૈતર વસાવાની જીત પાછળ ભાજપના નેતાઓનો હાથ : સાંસદ મનસુખ વસાવા

ભરૂચ,તા.૨૮




ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ રાજપીપળામાં જાહેર મંચ પરથી આક્ષેપ કર્યો છે કે ડેડિયાપાડામાં **AAP**ના ચૈતર વસાવાને જીતાડવામાં ભાજપના જ નેતાઓએ મદદ કરી હતી. તેમણે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને ભાજપ છોડી દેવાની ચીમકી આપી હતી. વધુમાં, તેમણે સત્તાધારી ભાજપના નેતાઓ દ્વારા તલાટીઓને હપ્તા આપવા અને ભ્રષ્ટ નીતિઓથી નબળાં વિકાસકામો થતા હોવાના ગંભીર આરોપો પણ લગાવ્યા છે.

# રાજકોટમાં SIR મુદ્દે કોંગ્રેસના કાર્યકરોએ માસ્ક પહેરી અનોખો વિરોધ નોંધાવ્યો

રાજકોટ,તા.૨૮



રાજકોટમાં મતદાર યાદીની સ્પેશિયલ સમરી રિવિઝન (**SIR**) પ્રક્રિયાના વિરોધમાં શહેર કોંગ્રેસે અનોખો પ્રતીકાત્મક વિરોધ યોજ્યો હતો. કાર્યકરોએ એક યુવકને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું મુખોટું પહેરાવી, દોરડાથી બાંધીને સરદાર પટેલની પ્રતિમાથી કલેક્ટર કચેરી સુધી માર્ચ કાઢી હતી. રાજકોટ કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાના નેતૃત્વમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરાઈ હતી. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે **SIR** દરમિયાન લાખો કાયદેસર મતદારોના નામો અન્યાયી રીતે દૂર કરાયા છે. જો સમગ્ર પ્રક્રિયાની પારદર્શક તપાસ નહીં થાય, તો આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શન વધુ તેજ બનાવવાની ચેતવણી આપવામાં આવી છે.




# અમદાવાદમાં શુધ્ધ ઘીના નામે ભેળસેળ : AMC ફૂડ વિભાગની કાર્યવાહીમાં ૫૦૦ લીટર જથ્થો સીઝ

અમદાવાદ,તા.૨૮



અમદાવાદના માધુપુરા માર્કેટમાં એએમસી (**AMC**)ના ફૂડ વિભાગે દરોડા પાડીને પ્યોર ઘીના નામે વેચાતો ૫૦૦ લીટર ભેળસેળયુક્ત ઘીનો જથ્થો સીઝ કર્યો છે. ૧૬ સપ્ટેમ્બરે લેવાયેલા સેમ્પલનો ફૂડ એનાલિસ્ટ રિપોર્ટ 'સબસ્ટાન્ડર્ડ' આવતા આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

તપાસમાં શુધ્ધ ઘીની જગ્યાએ વનસ્પતિ ઘીનું મિશ્રણ કરીને તેને અડધા ભાવે વેચવામાં આવતું હોવાનું ખુલ્યું છે. ફૂડ અધિકારી રાકેશ ગામીતના જણાવ્યા મુજબ, ભેળસેળયુક્ત ઘીનું વેચાણ અટકાવી ઉત્પાદક યુનિટ સામે વધુ તપાસ શરૂ કરાઈ છે. આ તપાસ અંતર્ગત 'ગોપીશ્રી ઘી'ના જથ્થાની પણ ચકાસણી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ રાજકોટમાંથી પણ સોયાબીન ઓઈલની ભેળસેળવાળું શંકાસ્પદ ઘી ઝડપાયું હતું.

